# સહજ-સત્સંગ

Year : 3 Issue : 29 Dt. 01-06-2015 Page - 52 માસિક



## સ્મરણમ્



## મા મીરાંબિકા

It is only through love and harmony that you can reach God.
(13 July 1966) To give oneself to the Divine (Surrender)
to receive and be Divine (identification) to spread forth
the Divine (to be the medium), these are the three simultaneous
movements which constitute our total
relation with the Divine (Rays of Light P.9.)

- The Mother

## પ્રભુ સંબંધના ત્રણ પાંસા

પ્રેમ અને સંવાદિતા, પ્રભુ મેળવવાનાં સાધન,
સમર્પણ, તદ્રૂપતા ને અસીમતા, તેના સંવેદનો અંતરંગ,
સમગ્ર પ્રભુ સંબંધ સાધના મહિં, એ શંકાથી પર.

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

## મારી પ્રાર્થના

(તા.૧૮.૦૧.૧૯૧૫. પૃ.૨૧૧)



મારા ભાવિનો તું પરમ સ્વામી છે. મારા જીવનનો પથ દર્શક છે..... બાહ્ય જગતમાં સર્વસમર્થ બની રહેવા માટે તારે કદાચ કર્મનાં સાધનોનું સંયોજન કરનાર અને તેમની રચના કરનાર મારાં મનનાં માધ્યમ તરીકે જરૂર રહેશે..... અમારે વિરોધી રીતનાં સૂચનો લઈ આવનાર સર્વ અશુભ પડછાયાઓને દૂર દૂર ભગાડી મૂકવાનાં છે. અને તારી અનંત દયામાં અવિચલ વિશ્વાસથી સભર બનીને હું તને આ પ્રાર્થના કરું છું.

તારા શત્રુઓને મિત્રમાં ફેરવી નાંખ,

અંધકારને પ્રકાશમાં પલટાવી દે.

માનવનો સારોયે પુરુષાર્થ તારા દિવ્ય સંકલ્પને અને તારા ક્રમે ક્રમે વૃદ્ધિશીલ આદર્શને વધુને વધુ સંપૂર્ણ રીતે અને સમગ્ર રીતે સિદ્ધ કરવા માટે એકત્રિત બને એ મારી પ્રાર્થના છે.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (મારી પ્રાર્થના) | ૩ | **યોગ પર દીપ્તિઓ** (ચેતનાના કેન્દ્રો) | ૩૨ |
| **પ્રાર્થના છે, અંતરનો પોકાર** | ૬ | **સાંજના વાર્તાલાપો** (અવતરણની વૈશ્વિક-તૈયારીઓ અને તેનાં પરિણામ) | ૩૫ |
| **દિવ્યજીવન** (વિશ્વસર્જનનો હેતુ) | ૧૦ | **વેદવિજ્ઞાન** (ગૌણ દેવતાઓ) | ૩૮ |
| માતૃવાણી (દિવ્ય-સંકલ્પનો સાક્ષાત્કાર) | ૧૨ | **ધ મધર્સ એજન્ડા** (વિસંવાદનું કારણ અને નિવારણ) | ૪૦ |
| સાવિત્રી (દિવ્ય-આયોજનનું સ્વરૂપ) | ૧૬ | **યોગનાં મૂળતત્ત્વો** (શ્રી અરવિન્દનાં ટૂંકા જવાબો) | ૪૩ |
| યોગ વિષે પત્રો (આંતર - ચેતનાનું કાર્ય) | ૨૧ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (સત્યની અભિવ્યક્તિ (૯૮)) | ૪૫ |
| મહાકાલી | ૨૩ | **જાતક કથાઓ** (રાંડયા પછીનું ડહાપણ) | ૪૭ |
| ઉપનિષદો (માનસિક અને અતિમાનસિક સમજણ) | ૨૪ | ગુહ્યશક્તિ | ૪૮ |
| વેદ-રહસ્ય (વરુણ અને મિત્રનું સ્વરૂપ) | ૨૭ | કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર | |
| શ્રી અરવિન્દ : પોતા વિષે (શ્રી અરવિન્દનો બાહ્ય અને આંતરિક સંબંધ) | ૨૯ | | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૯ વર્ષ : ૩
જૂન - ૨૦૧૫

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

**: સહજ સત્સંગ કાર્યાલય :**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિં પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવાં ચેક, ડ્રાફટ,
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



લેખકોના મંતવ્યો તેમનાં પોતાનાં છે. કાયદાકીય વિવાદનું ન્યાયક્ષેત્ર રાજકોટ ન્યાયાલય રહેશે.
(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં મૂળ લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના તેમજ એજેંડા પરના મૂળ લખાણો મીરાં અદિતિ સેન્ટર - મૈસુરના કોપીરાઈટ છે.

# મારી પ્રાર્થના

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પ્રભુ, તું મારા ભાવિને કંડારનાર શિલ્પી છે. તે ભાવિમાં સુરક્ષિતરીતે જીવન પસાર કરવાં માર્ગ દર્શાવનાર માર્ગદર્શક પણ તું જ છે. મારા જીવનમાં આવતા બધાં વિઘ્નો ઉપર તું વિજય મેળવી આપીશ. મારા વિચારો કોઈ પણ વસ્તુ માટે પ્રથમથી જ નિશ્ચિત ધોરણ સ્વીકારી લે છે. તું તેમને સુધારી વાસ્તવિક બનાવે છે.

પ્રભુ, બાહ્ય જગતમાં તારે પણ કાર્ય તો કરવાનું જ છે. જો તેમાં મારું મન, હ્દય ઉપયોગી થતું હોય તો તેનો છૂટથી ઉપયોગ કરજે. કર્મના સાધનોનું આયોજન કરવામાં તેમની ગોઠવણી કરવામાં તને તે ઉપયોગી નિવડશે.

પણ મારા કરણો અપૂર્ણ છે, તેમને પૂર્ણ કરીને વાપરીશ તો કાર્ય સિદ્ધ થવામાં શંકા જ નહિ રહે. તેમને વિરોધી સૂચનોથી અમે બચાવવાનો પ્રયત્ન તો કરીએ જ છીએ. તારી અનંત કૃપામાં વિશ્વાસ પણ રાખી અમે તેને વધુ સતેજ રાખવા પ્રયત્ન કરીએ છીએ.

પ્રભુ મારી તમને પ્રાર્થના છે, તારા શત્રુઓને તું તેમનું મન ફેરવીને મિત્ર કરી નાખ. શંકા-કુશંકા અને અણસમજણનાં અંધકારને દૂર ભગાડી દે.

આ ભવ્ય જીવન સંગ્રામમાં માનવજાતિ વધુ પરિપકવ થાય, સમજણી થાય, તારા વિકાસનાં નિયમને સહુ અનુસરતા થાય, બધાં આંતિરક અવરોધો શમી જાય, એવી મારી પ્રાર્થના છે.

માનવજાતનો સમગ્ર પુરુષાર્થ તારાં સંકલ્પને સિદ્ધ કરવામાં, તારાં વિકાસશીલ આદર્શને સિદ્ધ કરવામાં જ કેન્દ્રિત થાય એવી મારી પ્રાર્થના છે.

પ્રભુ, તું મારી પ્રાર્થના સાંભળીશને !

# પ્રાર્થના છે, અંતરનો પોકાર

- જ્યોતિબેન થાનકી

**ઘણી વખત માગ્યાં છતાં કેમ મળતું નથી ?**

ઘણી વખત એવું બને છે કે ભગવાનને રોજેરોજ પ્રાર્થના કરીને, કોઈ વસ્તુની વારંવાર માગણી કરવા છતાં એ વસ્તુ મળતી નથી. એમ કેમ બને છે ? એવું મોટા ભાગના લોકોના જીવનમાં ઘણીવાર બનતું હોય છે. કેમકે ભગવાન કાલાતીત છે. એમની દૃષ્ટિમાં ભૂત, વર્તમાન અને ભાવિ ત્રણેયનું ત્રિપરિમાણિક દર્શન હોય છે. કોઈ વસ્તુ આપણા હિતમાં ન હોય તો તેઓ આપતા નથી. જેમ મિઠાઈ ખાવા માટે જિદ્દ કરતાં બાળકને મિઠાઈ ખાવાથી તબિયત ખરાબ થઈ જતી હોય તો માતા, બાળક ગમે તેટલું રડે કે જિદ્દ ચડે તો પણ આપતી નથી. આ દુન્યવી માતા પોતાના બાળકનું આટલું બધું ધ્યાન રાખે છે, તો પછી આપણાં પરમ માતાપિતા આપણા માટે અહિત હોય તેવી વસ્તુ કેવી રીતે આપે ? આથી ભગવાન પાસે આપણે જે માંગવું હોય તે ભલે માગીએ, પણ સાથે સાથે એટલું પણ કહેવું જોઈએ કે તમને મારા માટે યોગ્ય લાગે તો તમે આપજો.' આટલું કહેવાથી પછી આપણી માગણી ન સ્વીકારાય તો પણ આપણને દુઃખ થતું નથી. ઊલટાનો આનંદ થાય છે કે મારી માગણી અયોગ્ય હતી, તેથી ભગવાને એ ન સ્વીકારી, એ વસ્તુ ન આપીને મારું પરમહિત જ કર્યું છે.

પરંતુ ઘણી વખત વસ્તુના મોહમાં અને આપણાં સ્વાર્થમાં આપણે એટલાં બધાં આંધળા બની ગયાં હોઈએ છીએ કે ભગવાન આગળ હઠ કરવાં લાગીએ છીએ કે 'મને આ વસ્તુ તમારે આપવી જ પડશે.' અને છતાં ન મળે તો આપણે ભગવાનને નિષ્ઠુર કહીએ છીએ. તેઓ પ્રાર્થના સાંભળતા નથી, એમ તેમનાં પર આરોપ લગાવીએ છીએ. ઘણી વખત પછી કેટલાંક તો એવું જોરશોરથી કહેવા લાગે છે કે ''ભગવાન છે જ નહીં, હોય તો અમારી પ્રાર્થના સાંભળતા કેમ

નથી ?'' પછી પ્રાર્થના - પૂજા બધું છોડી દેવાથી, કે ભગવાનનો સ્વીકાર ન કરવાથી નુકશાન કોને છે ? ભગવાન તો જે છે, તેનાં તે જ રહે છે. એમને કોઈ માને કે ન માને, કોઈ પ્રાર્થના કરે કે ન કરે, કોઈ જ ફેર પડતો નથી. પણ ભગવાનથી જેમણે મુખ ફેરવી લીધું છે એનાં જીવનમાં મોટો ફેર પડી જાય છે. પ્રભુ સાથે પ્રાર્થના દ્વારા તેણે જે અદૃશ્ય સેતુ સાધ્યો હતો, તે તૂટી જતાં, પ્રભુ પ્રત્યેની એની ચેતનાની યાત્રા અટકી જાય છે અને તે અશાંતિની આગમાં સપડાઈ જાય છે. ભગવાન પ્રાર્થના નથી સાંભળતા અને અમારી માગણી નથી સ્વીકારતા એમ માનવું એ ભગવાનથી વિમુખ કરી દે છે. એક શ્રીમંત યુવાનને પોતાનાં મિત્રોએ રાત્રે ગોઠવેલી પાર્ટીમાં બેંગલોર જવું હતું. મુંબઈથી સાંજના પાંચ વાગ્યાનાં પ્લેનમાં તેણે જવાનું નક્કી કર્યું. રાત્રે પાર્ટીમાં હાજરી આપી બીજે દિવસે વળતાં પ્લેનમાં પાછું મુંબઈ આવી જવું પડે તેમ હતું. પરંતુ તેને પાંચ વાગ્યાનાં પ્લેનમાં ટિકિટ ન મળી. તે નિરાશ થઈ ગયો. ત્યારે ભક્તિમતી દાદીમાએ તેને આશ્વાસન આપતાં કહ્યું, ''બેટા ભગવાન જે કરે તે સારા માટે જ કરે છે.'' પણ પૌત્રના મનમાં આ વાત ઊતરી નહીં. અને તેને પાર્ટીમાં હાજર નહીં રહી શકાય તેનો ભારે અફસોસ થતો રહ્યો. ત્યાં સાંજના સમાચાર આવ્યા કે મુંબઈથી બેંગલોર ગયેલું પ્લેન બેંગલોરમાં ઊતરતાં તૂટી પડ્યું, અને તેમાં કોઈ જ બચ્યું નથી. ત્યારે તેને તેનાં દાદીમાંની વાત સાચી જણાય કે, ''ભગવાન જે કરે છે, તે આપણા ભલા માટે જ કરે છે.'' આ રીતે ઘણીવાર આપણી સીમિત દૃષ્ટિને તત્કાલીન કારણ અયોગ્ય જણાતું હોય તો પણ એમાં ભગવાનની કૃપા રહેલી છે. એમ માનીને ધાર્યું ન થયું હોય તો પણ ભગવાનને પ્રાર્થના કરતા રહેવાથી પાછળથી સમજાય છે કે માંગેલી વસ્તુ કે પરિસ્થિતિ ન આપીને ભગવાને મહાન મુશ્કેલીમાંથી આપણને ઊગારી લીધા છે.

**ઘણી વખત પ્રાર્થનાનું પરિણામ વિપરિત કેમ આવે છે ?**

કેટલીક વખત એવું પણ બનતું હોય છે કે મનુષ્ય ભગવાન પાસે જે કંઈ માંગે છે, તેનાં કરતાં ઊલટું જ બનવા લાગે છે. તે સમયે પણ શાંત ભાવે પ્રાર્થના કરતાં જ રહેવી જોઈએ. જ્યારે પ્રાર્થનાનું પરિણામ વિપરિત આવે ત્યારે સમજવું કે

ભગવાન આપણને ખૂબ ઝડપથી એમની સમીપ લઈ જઈ રહ્યાં છે. આપણી આંતર શુદ્ધિ કરાવી રહ્યાં છે. પ્રર્થના કરવા છતાં જ્યારે પરિસ્થિતિ અવળી બનતી જણાય ત્યારે ભગવાનની કઠોર કૃપા માનીને, વધુ ને વધુ પ્રાર્થના કરી એ પરિસ્થિતિનો સામનો કરવો જોઈએ. પછી લાંબે ગાળે ખબર પડે છે કે એ મુશ્કેલ પરિસ્થિતિ આપણને શીખવવા માટે ઊભી થયેલી હતી. આ સંદર્ભમાં એક દૃષ્ટાંત કથા છે. એક વખત ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીજી ભિખારીના વેશમાં પૃથ્વી ઉપર આવ્યાં. એક વિશાળ હવેલી આગળ આવીને તેમણે ભીક્ષા માંગી. તો દરવાને બારણામાંથી જ કાઢી મૂક્યાં. છતાં એમનો ભારે આગ્રહ હતો કે શેઠ પાસેથી કંઈક મેળવવું છે. તેથી દરવાન શેઠ પાસે ગયો ને ભિખારી દંપતિની વાત કરી. તો શેઠ દરવાજા આગળ આવ્યાં અને દરવાનને કહ્યું કે '' બંન્નેને ધક્કા મારીને દૂર સુધી મૂકી આવ. આવા ભિખારીઓને આપવા બેસીએ તો ભંડાર ખલાસ થઈ જાય.'' દરવાને ધક્કા મારીને બંન્નેને દૂર ધકેલી દીધા. જતાં જતાં ભગવાને ભિખારીના વેશમાં કહ્યું, ''તારી સાત માળની હવેલી થાય.'' અને લક્ષ્મીજી આશ્ચર્યથી ભગવાનનાં સામે જોઈ રહ્યાં ! ત્યાંથી તેઓ આગળ ચાલ્યાં ઘણે દૂર એક નાનું એવું મકાન હતું ત્યાં ગયાં, એ કોઈ બ્રાહ્મણનું ઘર હતું. આંગણામાં સરસ મજાની ગાય બાંધેલી હતી. એ ભગવાનની આરાધના કરી રહ્યો હતો. તે બ્રાહ્મણ અને તેના પત્નીએ આ ભિખારી દંપતિને જમાડ્યાં. પછી ભગવાન અને લક્ષ્મીજીથી ન રહેવાયું. થોડે દૂર ચાલ્યાં હશે, ત્યાં પૂછ્યું; ''પ્રભુ આટલો બધો અન્યાય !.'' પેલા શેઠે ડંડા મારીને બહાર કાઢ્યાં, તો તેને સાતમાળની હવેલી થાય. એવા આશીર્વાદ આપ્યા. અને આ બિચારા ગરીબ બ્રાહ્મણને માત્ર એક ગાય જ સંપત્તિમાં હતી, તો તે મરી જાય એવું તમે કહ્યું ?'' ત્યારે ભગવાન બોલ્યાં; સાત માળની હવેલી એની થશે, પણ એથી એને સુખ શાંતિ મળશે ? એ તો શાપ છે. જ્યારે બ્રાહ્મણ મારો પરમ ભક્ત છે. પણ હજુ એનું મન ગાયમાં થોડુંક ચોંટેલું છે. ગાય એની આસક્તિનું પાત્ર છે. એ પાત્ર મેં લઈ લીધું. એટલે એ સંપૂર્ણ રીતે મારામય બની જઈને મને પામશે.'' મેં બ્રાહ્મણને તો આશીર્વાદ આપ્યાં છે.'' ત્યારે લક્ષ્મીજીને ભગવાનની કૃપા કેવી રીતે કામ કરે

છે, એ સમજાયું. ભગવાન જેનાં ઉપર કૃપા કરે, જેને પોતાની સમીપ લાવવા ઈચ્છે, એની આસક્તિના તમામ બંધનો તેઓ જાતે જ તોડી દેતા હોય છે. ત્યારે ભૌતિક દૃષ્ટિથી જોનારાઓને એમ લાગે કે ભગવાન તો નિષ્ઠુર છે ! પણ આ દેખીતી નિષ્ઠુરતા પાછળ તો ભગવાનનો ભારોભાર પ્રેમ રહેલો હોય છે. એમનાં એ પ્રેમનો જેમણે અનુભવ કર્યો હોય તેઓ દુનિયાના લોકોની દૃષ્ટિએ જેને દુઃખ કહેવામાં આવે છે, એવાં દુઃખોની વચ્ચે પણ આનંદમાં હોય છે, કેમકે પ્રભુ સાથે એમનો તંતુ સદાય જોડાયેલો હોય છે. આથી જ નરસિંહ મહેતાને જીવનમાં કેટકેટલું દુઃખ દુન્યવી દૃષ્ટિએ હતું ! પ્રેમાળ પત્ની મરી ગઈ. એકનો એક પુત્ર મરી ગયો, રાજાએ ચોરીનું આળ ચડાવ્યું. પણ છતાં તેમને આ દુઃખ દુઃખ નહોતું. કેમકે તેમની દૃષ્ટિ ભગવાનમાં હતી. એવું જ મીરાંબાઈનું હતું. ભગવાનના અનેક ભક્તોનાં જીવનમાં પણ દુનિયાની દૃષ્ટિએ કહી શકાય એવા કોઈ સુખો નહોતાં. છતાં તેઓ પરમ આનંદમાં રહેતાં હતાં, કેમકે પ્રભુ તરફથી જે કંઈ મળે તે સહર્ષ સ્વીકારીને ભગવદ્ પરાયણ બનીને જીવતા હતા.

---

(પૃ.૩૭ ઉપરથી)

## સાંજના વાર્તાલાપો

મળવા લાગે છે. ઈશોપનિષદ આ સૂર્યકુળની મર્યાદા વટાવવાની જ વાત કરે છે.

જો તે રીતે ઊર્ધ્વગતિ ન કરતાં અતિમનસને નીચે ભૌતિક તત્ત્વમાં અવતરણ કરાવો તો આ સૂર્યકુળની ઉત્ક્રાંતિમાંનો વિકાસ ફૂલ ખીલે તેવો સાહજિક બની જાય છે. આપણો હાલનો ઉદ્દેશ આ છે.

તમને અતિમનસનો સ્પર્શ થયો છે તેની નિશાની એ છે કે તમને સમસ્યા બાબત વિચાર જ કરવો પડતો નથી. ત્યાં સ્વયંભૂ પ્રજ્ઞા શક્તિ પોતે જ સહજ રીતે ઉકેલનું દર્શન કરાવે છે. પ્રજ્ઞાશક્તિ એટલે જ વિજ્ઞાન. એટલે જ અતિમનસ તેને વેદો ‘પ્રજ્ઞાનં બ્રહ્મ’ કહે છે.

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

# વિશ્વસર્જનનો હેતુ

પ્રકરણ - ૧૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પણ આ સંવેદનાની અક્ષમતા આપણી કાયમી સ્વરૂપની મર્યાદા નથી. આપણી ચેતના જ્યારે શરીર સાથે એકરૂપ બની જાય છે ત્યારે તે સ્વેચ્છાએ શરીરની મર્યાદાઓ સ્વીકારે છે અને ત્યારે તે મર્યાદાનુસાર તેની સંવેદનક્ષમતા પણ ઘટી જાય છે. પણ જો ચેતના શરીર સાથેની તદ્રુપતા અને એકતાને છોડી દે તો ફરી તે પોતાની મૂળભૂત સંવેદન ક્ષમતાને ધારણ કરે છે. આપણે સાક્ષીભાવ સ્વીકારતા જ શરીર સાથેનું તાદાત્મ્ય નષ્ટ થાય છે અને તેથી આપણી સંવેદનશીલતા વધવાથી આપણે વિનાશમાં પણ આનંદનાં સંવેદનો અનુભવી શકીએ છીએ.

આ ઘટના કાન્ટના કોપરનિક્સ રીવોલ્યુશન જેવી છે. કાન્ટે કહ્યું છે કે કોપરનિકસ પહેલાં લોકો એમ માનતાં હતાં કે પૃથ્વી સ્થિર છે અને તેની આજુબાજુ સૂર્ય ફરે છે. ઉદય અને અસ્ત એ સૂર્યનો થાય છે. પણ કોપરનિકસે સિદ્ધ કર્યું કે સૂર્યની આજુબાજુ પૃથ્વી ફરે છે અને તેથી આપણને સૂર્યના ઉદય અને અસ્તનો ભ્રમ થાય છે. મર્યાદાઓ પૃથ્વીની હતી, પણ લોકો તે મર્યાદાઓ સૂર્ય ઉપર આરોપતાં હતાં. કાન્ટ એના ઉપરથી જ સમજાવે છે કે આપણે જે મર્યાદાઓ ખરેખર તો આપણા ઈન્દ્રિયોની છે. આંખ, કાનની છે, તે મર્યાદાઓ વસ્તુની નથી. એ વ્યક્તિગત મર્યાદા છે. વસ્તુગત નથી, તેમ આનંદમાં કોઈ વસ્તુગત કક્ષાઓ નથી. જેમ પૃથ્વીના પડછાયાથી ચંદ્રગ્રહણ સર્જાય છે તેમ આપણી જ અક્ષમતા રૂપી પડછાયો આનંદ ઉપર પડે છે અને આપણાં આ નિજાનંદને ગ્રહણ

લાગે છે.

આનંદ એ આપણી સ્વાભાવિક સ્થિતિ છે એ માન્ય કરવા છતાં બીજો પ્રશ્ન તો યથાવત જ રહે છે. દુઃખની ઘટના શા માટે ? તે વધારે હોય ઓછું હોય એ સમજી શકાય છે પણ દુઃખ છે એ જ સમસ્યા છે. આનંદ જો આપણો સહજ અને મૂળભૂત સ્વભાવ હોય તો દુઃખની ઘટના શા માટે બને છે ? આ મુદ્દાનો પ્રશ્ન છે.

વિશ્વનાં વિવિધ ધર્મો પૈકી અમૂક ધર્મોમાં એમ જણાવવામાં આવે છે કે પ્રભુએ આ જગત નિર્માણ કર્યું છે પણ તે પોતે જગતથી પર અને જુદાં છે. તેમને દુઃખ સ્પર્શતું પણ નથી. આ જગતમાં દુઃખ છે તે પ્રાણીઓનાં વિકાસ માટે. તેમની તે અગ્નિપરીક્ષા હોય છે. પણ પ્રભુનું આવું સ્વરૂપ, દયાસાગર પ્રેમમય અને કલ્યાણકારી પ્રભુના વિચારો સાથે સુસંગત થતું નથી. આ જગતનો નિર્માતા તરીકે તે નિષ્ફળ ગયેલ છે એમ લાગે છે અને આ જગતની ઘટનાઓ જોતાં તેમાં ન્યાય અને વિકાસનાં આયોજન કરતાં જુલમ અને અત્યાચારની ઘટનાઓ જ વધારે આગળ પડતી જણાય છે. જગતનો નિર્માતા કોઈ પરપીડનવાદી ઘાતકી લાગે છે. જેને બીજાને યાતનામાં જોઈ આનંદ આવે છે, એવું લાગે છે. પ્રભુની નૈતિક કલ્પનાઓ માનવની નૈતિક કલ્પનાઓ કરતાં પણ ઊતરતા ક્રમની લાગે છે.

દુઃખ એ નૈતિક અધઃપતનના દંડ અને પરિણામરૂપે આવે છે એવું માનવું પણ અર્ધસત્ય જ લાગે છે. ગત જન્મનાં કુકર્મોને કારણે આ જન્મે દુઃખ ભોગવવું પડે છે. એમ માનીએ તો ગત જન્મના કુકર્મો તો આપણને યાદ નથી. તેથી આ દુઃખ ક્યા ગુન્હાની સજા છે એ માનવ કેવી રીતે જાણે અને તે પોતાનો ગુનો જ જાણતો ન હોય તો તેનો સુધરવાનો ચાન્સ કેટલો ? બીજું જે કુકર્મ કર્યું હતું તે કોણે આ જગતમાં નિર્માણ કર્યું ? આ જગતનો પ્રભુ સિવાય કોઈ રચયિતા નથી, તો પછી કુકર્મ નિર્માણ કરવાની જવાબદારી કોની ? આ નૈતિક ભૂલો પ્રભુ નહિં પણ શૈતાને નિર્માણ કરી છે તો શૈતાનને નિર્માણ કરનાર કોણ ?

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# દિવ્ય-સંકલ્પનો સાક્ષાત્કાર

(માતૃવાણી - ૧૫, પૃ.૨૮૮-૨૯૨)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ માનવ પોતાનાં વ્યક્તિત્વના વિસ્તારમાં એક સંકુલ પ્રાણી છે. તે અસંખ્ય તત્ત્વોનો બનેલો છે. દરેક તત્ત્વને એક વ્યક્તિતા છે. પ્ર્.૨૮૮

૨ આવી સંકુલતા ઊંડાણમાં પણ નિર્માણ થાય છે. માણસ ઊર્ધ્વમાં આરોહણ કરે તેમ - તેમ વધારે તત્ત્વો અને વ્યક્તિતાઓ ઉમેરાય છે. પૃ.૨૮૯

૩ સર્વાંગ સંપૂર્ણ માનવ ત્રણસોને પાંસઠ વ્યક્તિતાઓ ધરાવે છે - ગુહ્યવિદોનો મત. પૃ.૨૮૯

૪ વેદો કહે છે તેત્રીસ હજાર તેત્રીસ સો તેત્રીસ દેવતાઓ માણસનાં શરીરમાં વસે છે. પૃ.૨૮૯

૫ દરેક માણસ કોઈ ગુણ અથવા શક્તિનું પ્રતિનિધિત્વ ધરાવે છે. પૃ.૨૯૦

૬ તેની સામે વિરોધ મૂકીને શક્તિમાં વૃદ્ધિ કરવામાં આવે છે. આત્મસંઘર્ષનું આ રહસ્ય છે. પૃ.૨૯૦

૭ તેણે તે રીતે દિવ્ય-વૈશ્વિક મનીષામાં ભાગ લેવાનો છે. પૃ.૨૯૦

૮ તેની સાચી વ્યક્તિતા ચૈત્યપુરુષ છે. પૃ.૨૯૦

૯ આત્મા જ વ્યક્તિત્વનું ઘડતર અને સમૃદ્ધિની રચના કરતો હોય છે. પૃ.૨૯૧

૧૦ બીજા શબ્દોમાં તમે તમારી જાતને જાણવી જોઈશે. પૃ.૨૯૧

**૧૧ તમારે પૂરેપૂરા સચ્ચાઈવાળા અને નિષ્પક્ષ બનવું પડશે. પૃ. ૨૯૧**

**૧૨ જે વ્યક્તિ પોતાની જાતને ઓળખશે તેઓ જ વિજય પ્રાપ્ત કરવાં બીજાઓનો માર્ગ સરળ બનાવે છે. આ બધા સ્થાપકો છે. પૃ. ૨૯૨**

❖

માનવનું વ્યક્તિત્વ ખૂબ જ સંકુલ છે. તેમાં વિરોધાભાસી ગુણો રહેલાં છે અને આ ગુણો ધરાવતાં તત્ત્વો પણ અનેક છે, તેથી માનવનાં જીવનનો સ્પષ્ટ હેતુ આપણે ઓળખી શકતા નથી. બધું જ અવ્યવસ્થિત અને બાંધેલી ગાંસડી જેવું લાગે છે !

માનવ-વ્યક્તિત્વમાંનું દરેક તત્ત્વ સ્વતંત્ર હોય છે અને પોતાના ખાસ ગુણધર્મો ધરાવી તે પોતાની સ્વતંત્રતા જાહેર કરે છે. આવી રીતે માનવ-વ્યક્તિત્વનો વિસ્તાર ઘણો મોટો અને સંકુલ છે.

માનવની સંકુલતા ફક્ત તેનાં તત્ત્વનાં સપાટીનાં ભાગમાં હોતી નથી પણ વધુ ઊંડાણમાં પણ તેના સ્તરો વિસ્તરેલાં હોય છે. આ સ્તરોની સંકુલતા ઊંડાણને પણ સંકુલ બનાવી દે છે. ઊંડાણમાં નવાં તત્ત્વો પણ ઉમેરાય છે.

પણ આ સ્થિતિ કાયમી નથી. માનવે કાંઈ એક જ જીવન જીવેલું હોતું નથી. તેણે અનેક જિંદગીઓ પસાર કરીને આ જથ્થાને પોતાના અનુભવના આધારે ઘાટ આપેલો હોય છે.

ગુહ્યવિદોનાં મતે સંપૂર્ણ-માનવમાં આ રીતે ત્રણસો ને પાંસઠ વ્યક્તિતાઓને સંવાદી રીતે ગૂંથેલી હોય છે. વેદોના મતે તો માનવ-શરીરમાં તેત્રીસ કરોડ દેવતા વસે છે અર્થાત્ આટલા દિવ્ય-વ્યક્તિત્વો તેમાં સંગઠિત બીજરૂપે થાય છે.

માનવ-અનુભવોથી સમૃદ્ધ થતાં જેમ-જેમ તેની ચેતના ઊર્ધ્વારોહણ કરે છે, ઉપરની કક્ષાએ સ્થિર થાય છે, તેમ-તેમ તે ચેતના વધુ ને વધુ ઉપર જણાવેલ વ્યક્તિત્વોને પોતાની ગૂંથણીમાં ગૂંથતી જાય છે. આમ બીજસ્વરૂપે રહેલા અનેક વ્યક્તિત્વો આ ગૂંથણીમાં પોતાનું સ્થાન મેળવીને સંવાદી રીતે વિકસતા જાય છે. પોતામાંની વ્યક્તિગત આંતરિક-સંવાદિતા અને પોતાનાં જ અન્ય વ્યક્તિત્વો સાથેની સંવાદિતા પણ. આવી રીતે વિકસિત-માનવ એક પૂર્ણ સંવાદી એવું સંકુલ વ્યક્તિત્વ વિકસાવે છે.

શરૂઆતમાં જે વિરોધાભાસી અનંત વ્યક્તિત્વો વેરવિખેર જણાતાં તે બધા આ સંગઠનનો કાચો માલ હતો.

આ સંઘટન કયાં સિદ્ધાંત ઉપર રચયા છે ? દરેક માનવ પ્રભુની એક અલગ પ્રકારની જ અભિવ્યક્તિ-સ્વરૂપે વિકસવા માંગે છે.

પ્રભુએ જે પોતાનાં જગત દ્વારા અભિવ્યક્ત કરવાનો વૈશ્વિક-સંકલ્પ કરેલો છે. તેનાં જ આ બધાં સંવાદી ઉપસંકલ્પો તરીકે વિકસતા હોય છે.

આમ, પ્રભુની ખાસ પ્રકારની અભિવ્યક્તિ તરીકે માનવ વૈશ્વિક-સંકલ્પમાં સહભાગી થાય છે.

આ રીતે પોતામાં રહેલા કાચા માલને જાણવો, ઓળખવો, તેને જ પોતાની જાત ઓળખવાની શરૂઆત થઈ એમ ગણવામાં આવે છે. પછી તેનાં સંઘટનનો સિદ્ધાંત તે જાણે છે અને તે મુજબ પોતાના આ વિભિન્ન તત્ત્વો અને તેના ઘાટોને સંવાદી રીતે ગોઠવી પોતાનું વ્યક્તિત્વ રચે છે. આ દિવ્ય-વ્યક્તિત્વ શું છે તે જાણવું અને તે મુજબ રચના કરવી એ પણ પોતાની જાત ઓળખવાનો બીજો તબક્કો હોય છે.

આ બધાં તત્ત્વો મૂળતઃ ત્રણ તત્ત્વોનાં જ વિવિધ રૂપો હોય છે. તે મૂળ તત્ત્વો એટલે મન, પ્રાણ અને શરીર. મૂળ જે રચનાનો દિવ્ય-સિદ્ધાંત વ્યક્તિને જાણમાં આવે છે તે પ્રભુની હાજરીરૂપ એક દિવ્ય-પ્રકાશનો સ્ફુલિંગ માત્ર હોય છે. તેની આજુબાજુ આ તત્ત્વોને તેની અભિવ્યક્તિનાં સાધનો તરીકે ગોઠવવામાં આવે છે અને આ તત્ત્વો પેલી હાજરીનો પ્રકાશ ધારણ કરીને પ્રકાશમય બનતા હોય છે આને જ ચૈતસિકરણ કહે છે. આવી દિવ્ય-વ્યક્તિતાને જ ચૈત્યપુરુષ કહે છે. તેના હાર્દસમ પ્રભુની હાજરીનો સ્ફુલિંગ સનાતન, અમર હોવાથી ચૈત્યપુરુષને પણ તેવો જ ગણવામાં આવે છે. તેનું શરીર દિવ્ય બનેલાં મન, પ્રાણ, શરીરનાં વિકસિત થયેલાં ઘાટોમાંથી જ બનેલું હોય છે.

આપણાં કાચા માલમાં જે દિવ્ય-વ્યક્તિતા રચવાની છે તેની વિરોધી પણ કાચો માલ રાખેલો હોય છે. તેનો ઉપયોગ કરીને તે દિવ્ય-વ્યક્તિતાને વધુ

મજબૂત, સંઘટિત અને ટકાઉ બનાવવામાં આવે છે. આ જ રહસ્ય છે. લોઢું ટીપીને પોલાદ બનાવવાની જાણે આ રીત છે !

આ વિકસન-પ્રક્રિયાને કારણે ચૈત્યપુરુષનાં વિકાસનાં તબક્કાની વિવિધ શ્રેણીઓ તૈયાર થાય છે. ખૂબ વિકસિત જૂનાં આત્માઓ ઉપરની કક્ષાએ હોય છે. નવાં માનવયોનિમાં પ્રવેશેલા નવાં આત્માઓ નીચેની કક્ષાએ હોય છે. તે બધાં પ્રાણી-જગતમાંથી વિકાસ પામીને માનવ-જગતમાં પ્રવેશેલા આત્માઓ હોય છે.

આ વિકાસ પ્રક્રિયા સરળ થવાં માટે તમારી જાતને તટસ્થતાથી નિષ્પક્ષ રીતે જાણવી જરૂરી હોય છે. તમારી સાચી રીતે પ્રતિબિંબ પાડતા અરીસા જેવું થવું પડે છે.

આ પ્રકારનું વલણ રાખશો તો પોતાનાં સાચા વ્યક્તિત્વને તમે ઓળખી શકશો અને વિકસાવીને પ્રગટ કરી પણ શકશો. આ કરવું એ જ યોગ-સાધના છે. આ કરવું અને બીજાને કરવામાં મદદ કરવી એ જ પ્રભુની સેવા છે.

આપણે પોતાનાં દિવ્યસ્વરૂપને ઓળખી લેવાનું છે. આપણે આપણાં દિવ્યસંકલ્પનો સાક્ષાત્કાર કરી લેવાનો છે. જીવનનો આ જ હેતુ છે. અન્ય હેતુઓ આને પૂરક રાખવાં એ જ આધ્યાત્મિકતા છે.

---

(પૃ.૨૮ ઉપરથી)

## વેદ-રહસ્ય

પહોંચાડનાર સત્ત્વ અને પિશુન એટલે જંગલી ઘાતકી ક્રિયા. તેવી જ રીતે 'દક્ષ'નો અર્થ છે હોંશિયાર, ચતુર, ચાલાક. માનવ - સાધનામાં જ્યારે પોતાની ઉપર જ સભાન એકાગ્રતા પ્રાપ્ત કરે છે ત્યારે તેને દૃષ્ટા, 'દક્ષ' વ્યક્તિ કહેવામાં આવે છે. દિશ્‌નો અર્થ સૂચક, દર્શક, એ પણ છે. અર્થાત્ દક્ષનો અર્થ આત્મ-સભાનતાનો સૂચક અર્થ છે. આત્મસભાન વ્યક્તિ વિવેકી હોવાથી દક્ષનો અર્થ વિવેકશક્તિવાન એમ પણ કરવામાં આવે છે. તે પરખવાળી બુદ્ધિ છે. ઋષિઓ એ પણ જણાવે છે. આવી સ્વયં એકાગ્રતા જ પ્રભુના સંકલ્પને જાણવાની ક્ષમતા વિકસાવી જીવન - યજ્ઞ શરૂ કરે છે. તેથી ઋષિઓ 'દક્ષાય ક્રતવે' એમ કહે છે. તેનો અર્થ છે સભાનતા સ્વરૂપ દક્ષતાથી જ જીવન-યજ્ઞની શરૂઆત થાય છે.

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# દિવ્ય-આયોજનનું સ્વરૂપ

પ્રકરણ-૧૪૯

(Savitri B-1, C-4, P- 72-73)

Across the salt waste of the endless years
Her ocean winds impel his errant boat.
The cosmic waters plashing as he goes,
A rumour around him and danger and a call.
Aways he follows in her force's wake.
He sails through life and death and other life.
He travels on through waking and through sleep.

અશ્વપતિ પોતાની મહત્તમ ક્ષમતા અને સંનિષ્ઠાથી સાધનામાં સ્થિર છે. જે કાંઈ જીવનમાંથી જ્ઞાન મેળવ્યું છે (salt)તેનો મહત્તમ ઉપયોગ કરી રહ્યો છે છતાં સાધનામાં અપેક્ષિત પ્રગતિ દેખાતી નથી. પ્રયત્નો વ્યર્થ ગયા એવું લાગે છે (waste) વર્ષોના વર્ષો આમ વીતી રહ્યા છે (endless years) વિશ્વ પ્રકૃતિના જે શક્તિ-પ્રવાહો વહી રહ્યાં છે (ocean winds) તેનો સખત વિરોધ હોવાથી તેની જીવન-સાધનારૂપી નૌકા જાણે કોઈ રીતે પણ વેગ પકડવા તૈયાર નથી (errant boat) વિશ્વ-શક્તિનાં પ્રવાહો તેની સાધનાની ગતિ સામે જે તીવ્ર પ્રતિક્રિયાઓ દર્શાવી રહ્યા છે (cosmic waters plashing) તે સતત જાણે તેની આજુબાજુ એવી અફવાઓ ફેલાવી રહ્યા છે કે (rumour) જાણે ત્યાં

આસપાસ કોઈ વિપત્તિ ઘુમરાઈ રહી છે અને તે વિપત્તિ જાણે તેણે પોતે જ આમંત્રી છે (danger and a call) અને તે બાજુએ ફેંકાઈ જવાનો છે (Aways) છતાં અશ્વપતિ તે વિશ્વશક્તિઓના પ્રવાહો બાબત તદ્દન સભાન રહીને (wake) પોતાની સાધનામાં મકકમ રહીને તે ચાલુ રાખી રહ્યો છે. તેને કોઈ વખત નવી જીંદગી મળી એમ લાગે છે. કોઈ વખત મરણતુલ્ય યાતનાઓ ભોગવવી પડે છે. (life and death) તેની સાધનાને તે આગળ ધપાવવા પ્રયત્ન કરી રહ્યો છે.

આ સાધનાએ એવું ઉંડાણ પકડયું છે કે તે હવે ઊંઘમાં પણ ચાલું રહે છે અને જાગતા પણ ચાલું રહે છે .(travels)

A power is on him from her occult force
That ties him to his own creation's fate,
And never can the mighty traveller rest
And never can the mystic voyage cease,
Till the nescient dusk is lifted from man's soul
And the morns of God have overtaken his night.

આ અવિરત સાધનાને કારણે એક ખાસ ગૂઢબળ જગન્માતાની સર્વોપરિ-શકિતમાંથી નિર્માણ થયું છે. તે દિવ્ય-બળ અશ્વપતિને તેના માટે પ્રભુએ સેવેલાં સંકલ્પ સાથે દૃઢતાથી બાંધી રાખે છે (own creation's fate) તેને કારણે અશ્વપતિની સ્થિતિ એવી થઈ ગઈ છે કે તે સાધના સિવાય રહી જ શકતો નથી. તેની સાધનાને તે બંધ જ કરી શકતો નથી. તેથી તેની જે આંતરજગત તરફ ઉદ્દ્ઘાટીત થવાની સાધના કોઈ વખત બંધ પડવાની શકયતા જ નથી. (mystic voyage) આ સાધના પ્રભુ સાથે એકરૂપ થઈ જવા સુધી ચાલું જ રહે છે. અને ત્યારે જ પ્રભુ સાથેની કાયમી એકરૂપતા (સારૂપ્ય મુક્તિ) સિદ્ધ થાય છે. જ્યાં સુધી તેનાં આત્મા ઉપર જે અવચેતન અને અચેતનની ધૂળ ચોંટી ગઈ છે તે પૂરેપૂરી ખંખેરાય નહિ (nescient dusk is lifted) અને તેની આ અચિતની લાંબી કાળરાત્રી ઉપર પ્રભુની ચેતનાનો સૂર્યોદય થયો ન હોય !

As long as Nature lasts, he too is there:
For this is sure that he and she are one.
Even when he sleeps, he keeps her on his breast:
Whoever leaves her. he will not depart
To repose without her in the Unknowable.

જ્યાં સુધી પ્રકૃત્તિનાં આવા અવચેતન અને અચેતનના પ્રભાવો સાધકની ચેતના ઉપર હોય છે ત્યાં સુધી પ્રભુ ત્યાં હોય છે પણ ગુપ્ત રીતે અને પ્રકૃત્તિનાં પડદા પાછળ રહીને કાર્ય કરતા હોય છે. એક વાત તો નિશ્ચિત છે કે પ્રભુ અને પ્રકૃત્તિ જુદા નથી. તેથી જ્યારે આપણે કહીએ છીએ કે પ્રકૃત્તિનો પ્રભાવ નષ્ટ ન થાય ત્યારે નિમ્ન પ્રકૃત્તિ અથવા અપરા પ્રકૃત્તિની જ વાત હોય છે. દિવ્ય અથવા પરાપ્રકૃત્તિ તો પ્રભુરૂપ જ છે અને પ્રભુની દિવ્ય-નિજ-શક્તિ તરીકે તે કાર્ય કરતી હોય છે. જ્યારે સાધક સૂતો હોય ત્યારે પણ તેની દિવ્ય પ્રકૃત્તિ કાંઈ જતી રહેલી હોતી નથી, પણ તે પણ નિષ્ક્રિય થઈને સૂક્ષ્મરૂપે તેના હૃદયમાં જ વસતી હોય છે અથવા પડદા પાછળ રહીને કાર્ય કરતી હોય છે. અમુક સાધકો પ્રકૃત્તિને વટાવી ઉપર આત્મતત્ત્વમાં અચલ બ્રહ્મની અવસ્થામાં સ્થિત થવાનું સમજે છે અને તે મુજબ તેઓ પ્રકૃત્તિને વટાવી જાય છે. પણ અશ્વપતિએ તો નિર્ણય લીધો છે કે જો પ્રભુ અને દિવ્ય પ્રકૃત્તિ એકરૂપ જ છે તો પછી તેને ત્યાગવાનો સવાલ જ ક્યાં આવે છે. તેને ત્યાગવી એટલી પ્રભુની શકિતને ત્યાગવા જેવું કે તેને જ પ્રત્યક્ષ ત્યાગવા જેવું છે. પેલા અચલ-બ્રહ્મના અથવા બ્રહ્મનિર્વાણના સાધકોની જેમ તે દિવ્યપ્રકૃત્તિ વગર તે બ્રહ્મચેતનામાં આરામ કરવા માગતો નથી.

There is a truth to know, a work to do:
Her play is real; a Mystery he fulfils:
There is a plan in the Mother's deep world-whim,
A purpose in her vast and random game.

દિવ્ય પ્રકૃત્તિમાં એક સત્ય રહેલું છે, તે જાણવું જરૂરી છે. તે સક્રિય-સત્ય પ્રાપ્ત

કરવા કામ પણ કરવું જ પડશે. દિવ્ય-પ્રકૃત્તિની લીલા વાસ્તવિક સત્ય જ છે. તે ભ્રમ ગણવાની ભૂલ ન કરવી જોઈએ. તે સક્રિય સત્ય પ્રાપ્ત કરવાથી સાધકની આધ્યાત્મિક ગૂઢ દિવ્ય પ્રકૃત્તિને પોતાને જ એક સંતોષ પ્રાપ્ત થાય છે. તેણે નકકી કરેલું ધ્યેય પ્રાપ્ત થાય છે. આ બહારથી આયોજન વગરનું જગન્માતાનું જે કાર્ય લાગે છે (whim) તેની પાછળ એક મહાદિવ્ય આયોજન છે, જે હજી જગતની અંદર ઊંડે ઊંડે રહીને જ કાર્ય કરી રહ્યું છે અને પ્રગટ થયેલ નથી. જગન્માતાના આ વિશાળ અને ધ્યેયવિહિન લાગતા (vast and random) આયોજનની પાછળ નિશ્ચિત એક દિવ્ય હેતુ રહેલો જ છે

This ever she meant since the first dawn of life,
This constant will she covered with her sport.
To evoke a person in the impersonal Void,
With the Truth-Light strike earth's massive roots of trance,
Wake a dumb self in the inconscient depths
And raise a lost power from its python sleep
That the eyes of the Timeless might look out from Time
And the world manifest the unveiled Divine.
For this he left his white infinity
And laid on the Spirit the burden of the flesh,
That Godhead's seed might flower in mindless Space.

દિવ્ય પ્રકૃત્તિનું આ આયોજન આજનું નથી, પણ તેણે જ્યારે પ્રથમ વખત જીવન આ જગતમાં પ્રગટ કર્યું ત્યારથી જ છે. વિશ્વપ્રકૃત્તિની જે આ વિશ્વવ્યાપી રમત ચાલી રહી છે તેનો હેતુ એ જ છે. પ્રથમ સાધકને સાધના કરાવીને એક નિર્વૈયકિતક-ચેતનામાં, નિરાકાર નિષ્ક્રિય ચેતનાના અવકાશમાં, ચિદાકાશમાં લઈ જવો (impersonal Void) જેથી પાર્થિવ તત્ત્વ ઉપર સત્ય અને પ્રકાશનું (Truth-Light) દબાણ આવે (strike) અને તે પણ વ્યકિતગત કક્ષાનું નહિ પણ

સાર્વત્રિક કક્ષાનું આવે અને એ રીતે તે ચેતના પાર્થિવ તત્ત્વમાં જઈ મૂળીયા ધારણ કરે તેમાં નિહિત બનીને રહે. પાર્થિવતત્ત્વ તેને કારણે એક સંમોહિત અવસ્થામાં પ્રવેશે છે. જેને આપણે ભૂલથી તેની જડતા, અચેતનતા કહેતા હોઈએ છીએ તેને કારણે ત્યાં અચેતન જડ પાર્થિવ તત્ત્વમાં પણ એક નિષ્ક્રિય નિરાકાર એવી ચેતના વિકાસ પામે. (dumb self) આવી મધ્યાવસ્થા રચવી ઉત્ક્રાંતિ માટે જરૂરી હતી કારણ ઉત્ક્રાંતિના ચાલક બળ તરીકે આત્મતત્ત્વને પ્રકૃત્તિની ગાઢ તંદ્રામાં ખોઈ બેસેલી પોતાની સર્વસમર્થતાની ક્ષમતા પાછી મેળવવાની હતી, એ સામર્થ્યને કારણે આત્મતત્ત્વ જે કાળાતીત છે તે પણ કાળમાં પોતાના આવિર્ભાવને શકય થતો જોઈ શકે. આવી રીતે કાળમાં ઉત્ક્રાંતિની પ્રક્રિયાને શકય બનાવવાનું આ ગૂઢ આયોજન છે. આ શકય થતાં જ ઉત્ક્રાંતિ દ્વારા નિરાકાર પ્રભુ આ જગત દ્વારા પોતાની દિવ્યતાને સાકાર કરવા સમર્થ બની શકે છે, પણ આ આયોજન એ પ્રભુએ સ્વૈચ્છિક રીતે અને સ્વખુશીથી સ્વીકારેલું છે. તેથી તેણે પોતાની અચલ-બહ્મની ભૂમિકા જે ઉર્ધ્વમાં છે તે ત્યાગીને પાર્થિવ તત્ત્વમાં તે નિહિત બની ત્યાં અચલબ્રહ્મ તરીકે રહેલો અને તે પછી તે નિહિત અવસ્થા પણ ચોડીને તે ઉત્ક્રાંતિમાં સાકાર થવા લાગ્યો છે.

અચલબ્રહ્મની ચેતનાની અનુભૂતિ વખતે એક સર્વવ્યાપિત કપૂર જેવા શ્વેત પ્રકાશરંગની અનુભૂતિ આવે છે. આ અર્થમાં જ ભગવાન શિવને 'કર્પૂર-ગૌરં' કહેવાની પરંપરા ભારતમાં છે. તેમ જ તેની નિષ્ક્રિય પ્રકૃતિને પણ 'ગૌરી' કહેવાની પ્રથા છે. શ્રી અરવિંદ આ જૂના પ્રતીકો ત્યાગીને સીધે સીધી તે ચેતનાને (white infinity) 'શ્વેત અસીમતા' તરીકે વર્ણવે છે.

આ ઉપરના સાકાર સ્વરૂપમાં પણ નિરાકાર ચેતનાને ધારણ કરવાના હેતુ માટે જ પ્રભુએ પોતે હાડચામનું આ બંધન (burden) સ્વીકાર્યું છે. સાકાર-વ્યકિત પણ આંતરિક રીતે અતિમનસ-ચેતનામાં (mindless Space) આરોહણ કરે અને ત્યાં પ્રભુના વિવિધ સંકલ્પો રૂપી બીજ ઊગી નીકળે જે નીચે પ્રેરણાઓ તરીકે અવતરણ પામી તે વ્યકિતના દિવ્યકર્મો દ્વારા ભૌતિકસ્તરે સાકાર થાય.

# યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# આંતર - ચેતનાનું કાર્ય

(ભાગ.૧, પૃ.૩૮૬-૩૯૨)

પ્રકરણ - ૨૨

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આ પૃષ્ઠસ્થ-ચેતનાનાં જાગૃત ચેતનાનાં લગોલગના ભાગને આંતર-ચેતનાં કહે છે અને તળિયાનાં ભાગને કેન્દ્રસ્થ - ચેતના કહે છે.

આંતર-ચેતનામાં પણ મનોમય, પ્રાણમય, પાર્થિવ સ્તરો છે. અહીં આંતર-ચેતનાનાં સ્તરોને આંતર બે અર્થમાં કહેવામાં આવે છે :

૧ તે આંતરિક કક્ષાએ શુદ્ધ સ્વરૂપમાં હોય છે તે અર્થમાં તેમાં શુદ્ધ મન, શુદ્ધ પ્રાણ અને શુદ્ધ પાર્થિવતત્ત્વ આવે છે.

૨ દરેક તત્ત્વનાં બે સ્વરૂપો છે - વ્યક્તિગત અને વૈશ્વિક. વૈશ્વિક-સ્તર બાબતે આપણે સભાન હોતાં નથી. પણ આપણા વ્યક્તિગત - સ્તર બાબત સભાન હોઈએ છીએ. તેથી આ વૈશ્વિક-સ્તરને 'આંતર' શબ્દથી વ્યક્તિગત કરતાં અલગ પાડવામાં આવ્યું છે. આમ, આંતર શબ્દનાં અહીં બે અર્થ છે : (૧) શુદ્ધ સ્વરૂપ (૨) વૈશ્વિક સ્વરૂપ.

આંતર-પ્રકૃત્તિ બાબત સભાન બન્યાં વગર યોગમાં પ્રવેશ મળતો જ નથી. આંતર-સ્વરૂપ જ ચેતનાની મર્યાદાઓ ભાંગી તેને વિશાળ કરવાં સમર્થ છે અને તેથી પ્રભુનાં પ્રકાશનો સ્પર્શ તે જ પામી શકે છે. બાહ્ય-તત્ત્વોના રૂપાંતર માટે કેન્દ્રિય-ચેતનાને જોડનાર આંતર-ચેતના એ મધ્યસ્થ છે.

આ વસ્તુ નીચેના બે દાખલા ઉપરથી સમજી લેવી જરૂરી છે :

૧ વિશ્વશક્તિઓના સંપર્કમાં દાખલો નીચે મુજબનો છે. ફક્ત બાહ્ય-

શારીરિક-ચેતનામાં રહેનાર વ્યક્તિને રોગનો હુમલો થયા પછી જ રોગની જાણ થાય છે, જ્યારે આંતર-ચેતનામાં જાગૃત્ત વ્યક્તિને આંતર-શારીરિક દ્વારા રોગનાં આંદોલનો તેનાં ઓરામાં પ્રવેશતાં જ તેનાં આગમનનાં સંવેદનો જાગવાં માંડે છે. આપણે ગૂઢજ્ઞાન ધરાવતા હોઈએ તો તેનો પ્રતિકાર કરી રોગને પ્રવેશવા જ દેતા નથી. ઓરામાં પણ સંવેદનાવાહક સૂક્ષ્મ નાડીતંત્રની જાળ ફેલાયેલી હોવાથી આ અગમચેતી મળતી હોય છે. સારાંશ, વિશ્વ-શક્તિઓના આપણી ઉપર થતાં સંપર્કો બાબત આપણે સભાન હોઈએ છીએ.

૨ પ્રભુ સાથેના સંપર્કનો દાખલો. દિવ્ય-પ્રકાશ, દિવ્ય-આનંદ, આ બધાં પ્રભુનાં જ સ્વરૂપો છે. તેમનાં સંપર્કને જ પ્રભુનો સંપર્ક ગણવામાં આવે છે. આપણે બાહ્ય-ચેતનામાં જીવતા હોઈએ ત્યારે પણ આ દિવ્ય-શક્તિઓ આપણામાં અવતરણ પામી પોતાનું દિવ્ય-કાર્ય કરતી જ હોય છે પણ તે બાબત વ્યક્તિ સભાન બનતી નથી. પણ તે આંતરસ્વરૂપમાં સભાન બની જીવતો હોય તો તે આ શક્તિઓનાં અવતરણોનો તેને સ્પષ્ટ અનુભવ થાય છે અને તે મનમાં વિશુદ્ધિ, પ્રાણમાં આનંદ અને શારીરિકમાં સુખશાંતિ તરીકે અનુભવાય છે એટલું જ નહિ; તેમનો એક તીવ્ર પ્રવાહ, ઈલેકટ્રીકનાં પ્રવાહની જેમ વહેતો આપણે અનુભવી શકીએ છીએ. આવે વખતે જ પ્રભુની હાજરી પ્રખર રીતે અનુભવાતી હોય છે.

**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર - રાજકોટના સ્થાપનાદિન નિમિત્તે કાર્યક્રમો**

**તા.૬ અને ૭ જુલાઈ ૨૦૧૫**

૧ વક્તા : શ્રી જ્યોતિબેન થાનકી
૨ વિષય : શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનું જીવન અને કાર્ય
૩ કાર્યક્રમ : તા. ૬ અને ૭ જુલાઈ - સોમવાર અને મંગળવાર
સવારે ૧૦.૦૦ સાંજે ૬.૩૦
૪ સ્થળ : મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ધ્યાનખંડ

**સાધક ભાઈ-બહેનોને આ કાર્યક્રમમાં પધારી લાભ લેવાનું હાર્દિક જાહેર આમંત્રણ છે.** - ટ્રસ્ટી મંડળ

# श्री भगवत्याराधना

प्रो. पुष्पाबेन पंडया

## महाकाली

१ महाशक्तिमतीं दिव्यामुत्तुङ्गारोहिणीं वराम ।
वेगवतीं प्रचण्डां त्वां भीषणां कार्यसाधिकाम् ।।
२ अत्यूर्ध्वारोहिणीं ज्वालामभीप्सामुतिप्रोज्वलाम् ।
दुर्गमां द्रुतवेगां त्वां समुज्वलां भयऽकराम् ।।
३ वरदां स्नेहशीलां त्वां कोपमूर्तिं कृपामयाम् ।
सुजनरक्षिकां देवीं दनुजभयकारिणीम् ।।
४ विजयां जयदां देवी बलप्रदां कृपालयाम् ।
दुरितहारिणीं दिव्यामनुग्रहकरां शिवाम् ।।
५ रूद्रताधारणिीं देवीं दुष्टदलविनाशिनीम् ।
आर्द्रां द्युतिधरां देवीं महाकालीं नमाम्यहम् ।।

૧ જે મહાન શક્તિરૂપ છે, જે દિવ્ય છે, જે ઊંચે ને ઊંચે આરોહણ કરનારાં છે, જે ઉત્તમ છે, વેગવાન છે, પ્રચંડ છે, અત્યંત ભયંકર છે, જે કાર્યસાધક છે એવાં આપ મહાકાલીને હું નમન કરું છું.

૨ જે અતિ ઊર્ધ્વમાં આરોહણ કરનારાં છે, જે જ્વાળારૂપ છે, જે અતિ પ્રજ્વલિત અભીપ્સારૂપે છે, જેમને પ્રાપ્ત કરવા અતિ મુશ્કેલ છે, જે અત્યંત વેગવાન છે, જે અતિ ઉજ્જવલ છે, જે ભયંકર છે એવાં આપ મહાકાલીને હું નમન કરું છું.

૩ જે ઉત્તમ વરદાન આપનારાં છે, જે સ્નેહશીલ છે, રક્ષણ કરે છે, જે દૈત્યોને ભય પમાડનારાં છે, એવાં આપ મહાકાલીને હું નમન કરું છું.

૪ જે વિજયરૂપ છે, જે વિજય આપનારાં છે, જે બલ આપનારાં છે, જે કૃપાનું સ્થાન છે, જે અનિષ્ટોનો નાશ કરનારાં છે, જે દિવ્ય છે, જે અનુગ્રહ કરનારાં છે, જે કલ્યાણકારી છે એવાં આપ મહાકાલીને હું નમન કરું છું.

૫ જે દિવ્ય રુદ્રતાને ધારણ કરનારાં છે, જે દુષ્ટજનોનાં દલને સંહારનારાં છે, જે કરુણાથી દ્રવિત થઈ જનારાં છે, જે પ્રકાશને ધારણ કરનારાં છે, એવાં આપ મહાકાલીને હું નમન કરું છું.

# માનસિક અને અતિમાનસિક સમજણ

(ઉપનિષદો, પૃ.૧૪૨-૧૪૭)

1 The Upanishad is not satisfied with the definition of the Brahman consciousness as mind of mind. P. 142

2 Every part of our being finds its fulfilment beyond its present forms of functioning and not in those forms themselves. P. 142

3 These sense organs have been separately developed in the course of the evolution, then senses are not fundamental things but subordinate temporary physcial functioning. P. 142

4 Brahman is the cause and governing power of all. P. 142

5 All our fundamental functionings are rendered in the terms of embodied consciousness. P, 142

6 Sense is only instrumentation of mind. Senses are called pranas by Upanishada. This is only an outword appearance. P. 142+43

7 Life-force is its instrument of communication. P. 143

8 Energy-consciousness is called in the Upanishad the prana. P. 143

9 The thing sensed comes to us after triple process of translation, first the material image, secondly the energy image, third mental image. P. 143

10 There are three sheaths of consciousness in us Annamaya kosha in which physcial image are received, Pranamaya kosha in which nervous contact and vital formation are received, Manomay kosha in which mental contdct and mental image is received, we dwell centred in mental sheath. P. 144

11 Sense is mental contact with an object and mental reproduction of its image. P. 144

12 Mind has four necessary functions : Vijanana, Prajnana, Sanynana and Ajnana. Vijnana is original comprehensive consciousness which belongs to supermind. Prajnana is the conscious energy which is outgoing of apprehensive consciousness to possess image in conscious energy itself. Sanjnana is inbringing movement of apprehensive conscious energy which brings the image with itself. Ajnana is operation of consciousness to dwell upon the image. P. 145

13 In our human psychology there are secret operations of Vijnana and Prajnana in our supper conscient selves and also secret operation of Ajnana in our subconcient self but we are not aware of them in our surface being. P. 145

14 We are conscious of sanjnana, the bringing of image to our mind, this process entirely been developed in us. P.

145

15 The mental being is trying to establish a conscious connection with the supramental and to prepare the embodied soul for the descent into it of supramental action. P. 145

16 Therefore the Vijnana, Prajnana and Ajnana processes are slow, laboured and imprefect. P. 146

17 If they are perfected, the world will be the prefect, original and all possessive Vijnana and Ajnana. It will comprehend all (Vijnana) control all (Ajnana). P. 146

18 Then the apprehensive consciousness will be a subordinate operations involved in the action of the comprehensive consciousness itself. P. 146

19 If we had all these four acting in us with the unified rapidity with which prajnana and sanjnana act at present we will have slight experience of supreme action of the supreme energy. P .146

20 The supreme consciousness already comprehends and possesses images in its conscious being and creates as its self expression. P. 146

21 The supper mind and super sense will be something quite different from our mentality and our forms of sensation. They (supermind and super sense) will be active knowledge and self-possession. P. 147

22 Our mental sense must reflect and be the creation of this supreme self. P.147

# વરુણ અને મિત્રનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૨-૧૧૦)

પ્રકરણ -૧૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આપણાં સ્વરૂપમાંનાં તત્ત્વો મન, પ્રાણ, શરીર સતત નાનામોટાં આંતરિક કે બાહ્ય કારણોથી સંઘર્ષમાં ઊતરે છે. સામસામે થઈ જાય છે. આપણા દુઃખ અને રોગનું, પીડાનું કારણ જ તે છે. તેમની આ વિક્ષિપ્ત, ચંચળ, વ્યગ્ર અવસ્થાને કારણે તેઓ વિશાળ આત્મતત્ત્વની (બ્રહ્મની) પ્રભા કે પ્રકાશને પોતાનાં શરીરમાં ધારણ કરી શકતાં નહોતાં. તેથી તેમની આવી વિક્ષિપ્ત દશાને સ્થાને સંવાદમયતા સ્થાપવાની જરૂર જણાય છે. તે જ મિત્રનું કાર્ય છે. તે બધાં જ તત્ત્વોને એકબીજાનં મિત્ર અને મદદગાર - પૂરક બનાવી દે છે. બીજી બાજુ તે અજ્ઞાનને કારણે સંકોચાઈ ગયેલાં, મરડાઈ ગયેલાં તત્ત્વોને સરળ અને સ્વસ્થ કરે છે આત્માની વિશાળતાને ધારણ કરવાની ક્ષમતા તેમનામાં વિકસાવવાનું કાર્ય 'વરુણ' કરે છે. બધાં જ વ્યક્તિગત તત્ત્વને વૈશ્વિક તત્ત્વ સાથે જોડીને તેમને વિશાળ કરવામાં આવે છે. જીવન-યજ્ઞ જે અભાન રીતે ચાલતો હતો, તેને સ્થાને હવે ચેતનાનાં વિકાસ-સ્વરૂપ તે જીવનયજ્ઞ અર્થાત્ ક્રતુ સભાન રીતે કરવામાં આવે છે. સાધકનો આ જાણે અભીપ્સા પરિત્યાગ, અને સમર્પણનો સભાન તબક્કો શરૂ થયો એમ લાગે છે. વેદો અભીપ્સા કરવાને 'સ્વાધ્યાય', પરિત્યાગને 'તપ' અને સમર્પણભાવને 'ઈશ્વર પ્રણિધાન' કહે છે અને આ ત્રણેને પતંજલિ બીજા અધ્યાયનાં પ્રથમ જ સૂત્રમાં ક્રિયા-યોગ તરીકે વર્ણવે છે.

ક્રિયાયોગ એટલે સભાન પ્રયત્ન કરીને સાધના કરવાનો તબક્કો. પાછળથી તે જ અધ્યાય (પાદ)માં આંતરિક નિયમોમાં પણ તેમનો સમાવેશ કરતાં દેખાય છે. શૌચ સંતોષ તપ સ્વાધ્યાય ઈશ્વરપ્રણિધાનાનિ નિયમાઃ। આમાં એક વસ્તુ ખાસ ધ્યાન ખેંચે છે કે મિત્રનું પુતદક્ષં, પવિત્રતા બાબત સભાન રહેવું એ જ અર્થ 'શૌચ'માં જાણે પ્રગટ થાય છે. જ્યારે સંતોષ ત્યારે જ પ્રાપ્ત થાય છે, જ્યારે ષડ્‌રિપુનો નાશ થાય છે. કામનાઓનો, ઈચ્છાઓનો નાશ થાય છે. તે જ વસ્તુ વરુણના કાર્ય 'રિશાદસમ્' (શત્રુઓનો નાશ કરનાર)માં દર્શાવેલી છે. આ બંને કાર્ય સભાન અભીપ્સા, પરિત્યાગ, સમર્પણ દ્વારા જ પ્રાપ્ત થાય છે. માટે બાકીના અન્ય નિયમોમાં તેમનો સમાવેશ 'તપ સ્વાધ્યાય ઈશ્વરપ્રણિધાનાનિ' શબ્દ દ્વારા કરેલો છે.

આ વસ્તુ એ સૂચવે છે પતંજલિનાં યોગની સંકલ્પનાં તેણે વેદોમાંથી જ લીધેલી છે.

શ્રી અરવિન્દ દક્ષનો અર્થ દર્શ, જોવું. દર્શન કરવું એવો કરે છે. તે સભાનતા દર્શક શબ્દ છે. તે સભાનતાને કારણે જ તે એકાગ્રતા, બળ પેદા કરે છે એવો સાયણ અર્થ કાઢે છે. ગ્રીક ભાષામાંનો બેલ્બો અથવા બેલોસ શબ્દનો અર્થ પણ તે જ થાય છે.

આ પ્રકારે સૂચક માનસિક અર્થો દર્શાવવાની ઋષિઓની કળા પ્રથમ સ્થૂળ ક્રિયાઓને પ્રતીકાત્મક અર્થ આપીને જ તેમના વાચકશબ્દોનો પ્રતીકાત્મક કે સૂચક અર્થો તરીકે વાપરવાની કળા વૈદિક ઋાષિઓએ વિકસાવી છે.

સંસ્કૃતમાંનો વેદ અને લૅટિન ફૈગ (વિદ્)ને મળતો છે. વિદનો અર્થ સંસ્કૃતમાં જાણવું થાય છે. લૅટિનમાં વિદ્‌નો અર્થ જોવું એવો થાય છે. જોવાની ભૌતિક ક્રિયાને જ્ઞાન, સમજણ સ્વરૂપે વિકસાવવાની પ્રક્રિયા આ શબ્દની ઉત્ક્રાંતિમાં જોવા મળે છે. તેવો જ શબ્દ પિસ માટે છે. પિસનો અર્થ ઈજા કરવી એવો થાય છે. પિશાચ શબ્દમાં તે મૂળ ધાતુ વાપરેલો છે. પિશાચ - એટલે ઈજા

(અનુ.પૃ.૧૫ ઉપર)

# શ્રી અરવિન્દનો બાહ્ય અને આંતરિક સંબંધ

પ્રકરણ - ૪૨
(પૃ.૧૮૦-૧૮૬)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પૂર્ણયોગની સાચી સમજણ આપવી, તેનાં સાચાં માર્ગે સાધના કરતા શીખવવું એ શ્રી અરવિન્દનો મુખ્ય હેતુ હતો. શ્રી અરવિન્દ રાતનાં બે વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી જિજ્ઞાસુ શિષ્યોને માર્ગદર્શન આપવા તેમનાં પત્રોનાં જવાબ આપતાં. તે ફક્ત આનંદદાયક પત્રવ્યવહાર માટે નહીં પણ તેમના મુખ્ય હેતુને તે બાહ્ય સાધનો ઉપયોગી થઈ રહ્યાં હતાં.

શ્રી અરવિન્દ જાણે છે કે આવાં બાહ્ય સાધનો દા.ત. પત્ર વ્યવહાર, સત્સંગ, પુષ્પ-અર્પણ, બ્લેસિંગ-પેકેટ વગેરે કરતાં આંતરિક મદદ જે સીધે સીધી ચેતના ઉપર ગુપ્ત રીતે કામ કરે છે તે વધારે મહત્ત્વની છે, તેમાં મન, પ્રાણ, શરીરનાં અવરોધો ઓછા નડે છે. તે આંતરિક મદદને કામ કરવામાં વિલંબ કરાવી શકે છે પણ તેને નિષ્ફળ બનાવી શકતા નથી. ગ્રહણશીલતા સિવાય તો બાહ્ય કે આંતરિક બંને સહાયો વિલંબમાં પડે છે.

બાહ્ય સાધનો પણ પરિણામકારક થયાનાં પ્રત્યક્ષ અનુભવો છે. તેમાં પણ ખરેખર તો આ બાહ્ય સાધનો તો ફક્ત માધ્યમ પૂરાં પાડવાં જ હોય છે. - ખરેખર તો અતિમનસ શક્તિ જે સતત પોતાનું દબાણ વધારી રહી છે તેને કારણે જ આ બાહ્ય - સાધનો માધ્યમ બનીને તરત પરિણામ કરતાં દેખાય છે.

પણ જે સાધકે આંતરિક મદદ મેળવવાની ક્ષમતા પોતાનાં ઉઘાડને કારણે મેળવી લીધી છે, તેમણે તો આંતરિક-મદદ મેળવીને જ પ્રગતિ કરતાં શીખવું

જોઈએ.

અતિમનસ - શક્તિ વ્યક્તિને કઈ રીતે વિકસાવવા માંગે છે તેને અનુસરીને જ આ બાહ્ય કે આંતરિક મદદ પોતાનાં પરિણામોની દિશા નિશ્ચિત કરીને કાર્ય કરતી હોય છે. આ બધાં નિર્ણયો વિશ્વપુરુષ જાણતો હોય છે અને ખરેખર જ તે વ્યક્તિ જે મદદ કરી રહી છે તેની દ્વારા કાર્ય કરતી હોય છે. પણ જે વ્યક્તિ વિશ્વ-ચેતનાનું માધ્યમ બનેલી હોય છે તે જાણે છે અને આદર સાથે સ્વીકારે છે કે જે વ્યક્તિ ઉપર અને જે વસ્તુ દ્વારા તે કાર્ય કરી રહેલી છે તેમનું શું મહત્ત્વ છે. તે વસ્તુ અને વ્યક્તિ વ્યવહારિક રીતે તદ્દન સામાન્ય લાગતી હોય છતાં વૈશ્વિક પુરુષની દૃષ્ટિએ તેમનું વિશિષ્ટ મહત્ત્વ હોય છે.

તેથી યાગીએ સાચા જિજ્ઞાસુનાં પ્રશ્નો કેટલાં પણ માનસિક કે ઓછાં મહત્ત્વનાં લાગતાં હોય છતાં તેમના જવાબો દેવા જોઈએ. તે જવાબો ઉડાઉ કે પ્રશ્નકર્તાને મૂંઝવી નાખનારા ન હોવા જોઈએ પણ જેમ શ્રી રામકૃષ્ણ પોતાના શિષ્યોને દિવ્ય-ચેતનામાં રહીને તે કક્ષાથી જવાબ આપતા તેવા હોવા જોઈએ. શ્રી અરવિન્દ પોતે પણ ઊર્ધ્વ-ચેતનામાં સ્થિર થઈને જ જવાબ આપતા.

તે જવાબો બૌદ્ધિક ચમકારા દર્શાવવા, ખોટી માન્યતાઓને સુસંવાદમાં મૂકીને રચેલા ન હોવા જોઈએ. તે તો અજ્ઞાનનો જ એક સુંદર ઘાટ બની રહેશે અને વિશ્વપુરુષના કાર્યને જરા પણ મદદરૂપ નહીં બને. ખરેખર તો અધ્યાત્મની સેવામાં બુદ્ધિને વાપરવી જોઈએ. બુદ્ધિને અધ્યાત્મને મૂલવવાનો અધિકાર જ નથી. તે તેની ક્ષમતાની બહારનું ક્ષેત્ર છે.

શ્રી અરવિન્દ જે પત્રો શિષ્યોને લખતા તેની પાછળ એક ચેતના રહેતી અને તે ચેતનાનાં પ્રભાવથી સભર પત્રો રહેતાં.

ઘણાં જણાં એમ સમજતા કે જેઓ શ્રી અરવિન્દને પત્રો લખતા નથી તેમની પ્રગતિ થતી નથી. આ માન્યતા ખોટી છે. જેમને ખરેખર કોઈ આંતરિક અનુભવ આવેલો હોય છે તેઓ પોતાનાં તે અનુભવમાંથી વિકસેલી સમજણ મુજબ સાધનાને આગળ વધારતા જ હોય છે અને પોતાની પ્રગતિ કરતાં જ હોય છે. ન પત્રવ્યવહાર કરનારા પૈકી એક વર્ગ આ છે.

પણ જેમને સાધના દરમિયાન કોઈ મુશ્કેલી જ અનુભવેલી ન હોય તેવી વ્યક્તિ ઉત્ક્રાંતિનાં હાલના તબક્કે મળવી મુશ્કેલ છે. જો તેને મુશ્કેલીઓ ન જણાતી હોય તો તેનો અર્થ એટલો જ થયો કે તેની સાધના એક જ કક્ષાએ સ્થગિત થઈ ગઈ છે અને તેમાં તેને પૂરેપૂરો સંતોષ મળવાથી તે આગળની સાધના કરવામાં રસ ધરાવતો નથી. આ બીજો વર્ગ છે.

એવાં પણ સાધકો છે જેમને હજી પોતાની અશુદ્ધ - પ્રકૃત્તિ ઉપર દબાણ અનુભવાતું જ નથી અને તેથી તેમને કોઈ સાધનાકીય સમસ્યા ન હોવાથી તેઓ પત્ર - વ્યવહાર કરવાં પ્રેરાતા જ નથી.

પત્રવ્યવહારમાં સાધક પોતાની હાલની સાધનાની સ્થિતિમાંની તેમને ન સમજાતી વસ્તુઓ બાબતે માર્ગદર્શન કરવા પૂછે છે અથવા તેમણે કાંઈક વાંચ્યું હોય અને તે પૂર્ણયોગથી વિરોધાભાસી લાગતું હોય તો તે ગૂંચ ઉકેલવા પત્રવ્યવહાર કરે છે. પત્ર દ્વારા જે જાણકારી મળતી હોય છે તેના આધારે જ શ્રી અરવિન્દ તેની સાધનાને યોગ્ય દિશાએ વાળે છે અને યોગ્ય સમજણ આપે છે.

ઘણા શિષ્યો એવી ગડમથલ અનુભવે છે કે શ્રી અરવિન્દ જવાબ તો આપશે પણ આપણે તે સમજવાની પાત્રતા ધરાવતા નથી તેથી આપણને કોઈ ફાયદો થશે કે નહીં તેની શંકા સેવે છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે આ પ્રાણમય મન અને તેની દ્વારા અદિવ્ય-તત્ત્વોની યુક્તિઓ હોય છે. તેને ન માનતા મન શાંત કરીને જો શ્રદ્ધાથી પત્ર વાંચશે તો બધું તેને સમજાઈ જશે. અરે ! શ્રી અરવિન્દે જે લખ્યું નહીં હોય પણ તેની સાધના માટે જરૂરી હોય એવી વિગતો પણ હૃદયમાં પોતાની મેળે પ્રગટ થશે. ખરેખર તો કુદરત સાધકને આંતિરક મદદ મેળવી સાધના સક્ષમ રીતે કરવા જ તેને વિકસાવતી હોય છે.

એક શિષ્યને પ્રશ્ન નિર્માણ થયો કે ચૈત્યપુરુષને અગ્રભાગે લાવવામાં તેમને જો આટલી બધી મુશ્કેલીઓ પડે છે તો તો પછી શ્રી અરવિન્દનો પત્ર વાંચતા જ તે અનાયાસ અગ્રભાગે આવીને સંપર્ક સાધે એ કેવી રીતે શક્ય બને છે !

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

# ચેતનાના કેન્દ્રો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)
પ્રકરણ - ૫૧

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- ...... એ અંતર ચેતનાનાં કેન્દ્રો આપણી અંદર ખૂલતાં જાય..... તેમ-તેમ અંતર જીવનની સુષુપ્ત શક્તિઓ..... જાગ્રત થતી જાય છે. પૃ.૪૮
- ..... પ્રથમ એક વિશાલ ચેતના..... ત્યાર પછી વિશ્વચેતના જાગે છે..... પછી આપણે નિર્જીવ, તુચ્છ સ્વરૂપોનું પૂતળું મટી જઈએ છીએ. પૃ.૪૮
- ..... એ રીતે વિશ્વમાં કાર્ય કરી રહેલ વૈશ્વિક શક્તિઓનાં સીધેસીધાં સંપર્કમાં આવીએ છીએ. પૃ.૪૮

..... વિશ્વશક્તિઓનાં હાથમાં અવશપણે હાલતાં-ચાલતાં પૂતળા જેવું હોય છે તેમ હવે થતું નથી. તેને બદલે થોડે અંશે પણ આપણે પ્રકૃત્તિની લીલા વિષે સચેતન થઈએ છીએ. પૃ.૪૮

- ..... આ પ્રભુત્વ કેટલે અંશે પ્રાપ્ત કરી શકાય તેનો આધાર..... આપણી ચેતના ઊર્ધ્વમાં રહેલી અધ્યાત્મિક ભૂમિકા પ્રત્યે કેટલી ખુલ્લી થઈ છે તેના ઉપર રહેલો છે. પૃ.૪૮
- ..... તેની સાથે લગભગ એકી વખતે..... ચૈત્યપુરુષનું કેન્દ્ર પણ ખુલ્લું થાય છે. પૃ.૪૮
- ..... પરિણામે..... હૃદયની અંદર વસી રહેલાં પ્રભુ વિષે અને આપણાંથી ઊર્ધ્વમાં આવી રહેલાં પ્રભુનાં પરમ સત્ય વિષે આપણને સભાન કરવાનો આરંભ થાય છે. પૃ.૪૮

*****

આંતર ચેતનાનાં કેન્દ્રનું ખૂલવું અને તેનાં દ્વારા વૈશ્વિક શક્તિઓનો સંપર્ક કઈ રીતે બની આવે છે તેના વિષે શ્રી અરવિન્દ જણાવી રહ્યાં છે.

માનવમાં રહેલાં અંતરનાં કેન્દ્રો જેમ-જેમ ખૂલતાં જાય છે તેમ તેમ ઊર્ધ્વ ચેતનાનો સંપર્ક અને પ્રભાવ જીવનમાં વધતો જાય છે.

માનવ રચનામાં કુલ સાત કેન્દ્રો આવેલાં છે. શ્રી માતાજીએ કુલ બાર કેન્દ્રોનાં ખૂલવાની અને તેનાં દ્વારા કોષોની સાધનાની વાત કરી છે. આ કેન્દ્રોને પરંપરાગત રીતે ચક્રો પણ કહેવામાં આવે છે. શરીરની રચના અનુસાર જોઈએ તો આ સાત કેન્દ્રો નીચે મુજબનાં હોય છે

| કેન્દ્ર | સ્થાન | પ્રકાશ રંગ | પૂર્ણયોગમાં શ્રી અરવિન્દે જણાવેલ નામ |
|---|---|---|---|
| મૂલાધાર | કરોડરજ્જુના છેવાડે | લાલ | Muladhara |
| સ્વાધિષ્ઠાન | લિંગ પ્રદેશ | નારંગી | Below Naval |
| મણિપુર | નાભિમાં | પીળો | Naval Centre |
| અનાહત | હૃદયમાં (બે પાંસળીઓની વચ્ચે મધ્યમાં) | લીલો (અંદરના ભાગે ઊંડા જતા પ્રથમ ગુલાબી અને ત્યારબાદ સોનેરી) | Heart - Lotus Centre |
| વિશુદ્ધિ ચક્ર | ગળાની મધ્યમાં | ભૂરો | Throat Centre |
| આજ્ઞા ચક્ર | કપાળની મધ્યમાં બે આંખેની વચ્ચે | આછો ભૂરો (પારદર્શક વાદળી) | Ajna Chakra (Forehead Centre) |
| સહસ્રદલ (સહસ્રાર) | મસ્તકની ઉપર | પારદર્શક સફેદ | Thousand Patelled Lotus or Sahasradal |

શ્રી અરવિન્દ આ બધાં ચક્રોને કમળ (Lotus) તરીકે જણાવે છે. જેમ કમળની કળી અંધકારમાં બંધ હોય છે અને સૂર્યનારાયણનાં આગમનથી ખીલવા માંડે છે તે જ રીતે આ કેન્દ્રો પણ પ્રકાશરૂપી દિવ્ય ચેતનાનાં પ્રભાવથી ખીલવા માંડે છે અને આ જ પ્રક્રિયાને કેન્દ્રોનું ખૂલવું (opening of the

centres) કહેવામાં આવે છે.

સામાન્ય રીતે સાધક પ્રકૃત્તિનુસાર આજ્ઞા-ચક્ર અથવા તો અનાહત (હ્દય-કેન્દ્ર)થી શરૂઆત કરતો હોય છે અથવા તો પ્રસંગોપાત આ બંને કેન્દ્રો દ્વારા વૈશ્વિક-ચેતનાઓ અને શક્તિઓનાં સંપર્કમાં આવતો હોય છે. આ સંપર્ક જ સાધકમાં ઉઘાડ (opening) લઈ આવે છે અને તે પોતાની અંદર અને પોતાથી ઊર્ધ્વમાં રહેલી દિવ્ય-ચેતનાને જાણતો થાય છે. આ સચેતનામાં જ તે ઊર્ધ્વ-શક્તિઓનાં સંપર્કમાં આવે છે અને તે સંપર્ક અને તેનાં પ્રભાવ હેઠળ પોતાનામાં રહેલી દિવ્યતાને પિછાણે છે અને આ સાથે સાથે હ્દય-ગુફામાં રહેલ ચૈત્ય-પુરુષ પણ બાહ્ય જીવનમાં પ્રગટ થવા માંડે છે. સાધક હવે ઊર્ધ્વ શક્તિઓનાં પ્રભાવમાં આવે છે અને તેનાં કાર્ય અને દિવ્ય-યોજના સમજતો થાય છે.

માનવમાં રહેલી આ દિવ્ય રચનાઓ પૂર્ણ યોગમાં ખાસ સમજવી જરૂરી છે અને તેનો સાધનામાં ઉપયોગ અત્યંત આવશ્યક છે.

શ્રી અરવિન્દ ચક્રો વિષે નીચે મુજબ જણાવે છે.

The Centres or Chakras are seven in number :

1 The thousand - petalled lotus on the top of the head.

2 In the middle of the forehead - the Ajna Chakra (will, vision, dynamic thought)

3 Throat centre - externalising mind.

4 Heart - Lotus - emotional centre. The psychic is behind it.

5 Navel - higher vital (proper)

6 Below navel - lower vital

7 Muladhara - physical

(Letters on Yoga, Page 229)

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## પ્રકરણ - ૫૦

# અવતરણની વૈશ્વિક-તૈયારીઓ અને તેનાં પરિણામ

(૧૫-૮-૨૫) (પૃ.૨૩૮-૨૪૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : અમે તમારી સાધના વિષે જાણવાં માંગીએ છીએ.

શ્રી અરવિન્દ : (બંગાલીમાં) મારી સાધના? શું હું સાધના કરું છું?

શિષ્ય : શારીરિક ભૂમિકાએ અતિમનસને સ્થિર કર્યા પછી ભૌતિક-સ્તરે અવતરણ કરાવવાની આપ સાધના કરી રહ્યાં છો. શું તમને તે શક્ય લાગે છે?

શ્રી અરવિન્દ : શા માટે નહીં? જો તે અશક્ય લાગત તો શું હું પ્રયત્ન કરતો રહેત?

શિષ્ય : મારો પ્રશ્ન એ છે કે હાલમાં તે શક્ય છે કે નહીં?

શ્રી અરવિન્દ : મારી આંતરિક બાબતની મેં બધી શરતો પૂરી કરી છે. તેથી બહારની વસ્તુઓ ઉપર જ બધો આધાર હવે છે. ભૌતિક તત્ત્વ અતિમનસ પ્રકાશને સ્વીકારવા હજી દર વખતે તૈયાર નથી હોતું.

શિષ્ય : ગયે વખતે તમે કહેલું કે આવતાં ઓગષ્ટમાં પૂછજો. એમ પણ કહેલું કે પહેલાનાં વર્ષ કરતાં શક્યતા વધી ગઈ છે.

શ્રી અરવિન્દ : પહેલાં શક્ય નહોતા તેવાં, પ્રગટીકરણો જરૂર થઈ રહ્યાં છે. અતિમનસ - શક્તિ વધારે સીધી રીતે ભૌતિકતત્ત્વ ઉપર કામ કરવા લાગી છે.

શિષ્ય : તો પછી ખાતરી કેમ આપતાં નથી?

શ્રી અરવિન્દ : શું તમને ખાતરી નથી મળતી.

શિષ્ય : તે ખાતરી મળત તો પૂછત શા માટે?

શ્રી અરવિન્દ : જુઓ, જેમ-જેમ અતિમનસનું દબાણ ભૌતિક તત્ત્વ ઉપર વધતું રહ્યું છે, તેમ-તેમ તેમાંથી પ્રતિકાર પણ વધતો રહ્યો છે. લોકોને પ્રતિકાર દેખાય છે. દબાણ નહીં. તેથી તેઓ મારી પાસેથી ખાતરી કરવાં માંગે છે. બધો ભાર મારે માથે જ નાંખવા માંગે છે. છેલ્લાં બે દિવસથી આ લોક-માનસની મને પ્રતીતિ થવા લાગી છે.

શિષ્ય : અમારાં માટે આ નવી વાત છે.

શ્રી અરવિન્દ : હવે આપણે નિમ્નત્તર પ્રાણમય સ્વરૂપ અને શારીરિક સ્વરૂપમાં આવી રહ્યાં છીએ ત્યાં સંઘર્ષ કેન્દ્રિત થયેલ છે. હું તે કક્ષાથી જ વાતો કરી રહ્યો છું. હું એકલાનો યોગ નથી કરી રહ્યો. આ સામૂહિક સાધના છે, તે ધ્યાનમાં રાખવું જરૂરી છે. ભૌતિક સ્તરે તો તેની પ્રતીતિ ખાસ થાય છે.

શિષ્ય : આપે કહેલું કે પહેલાં કોઈએ ભૌતિક સ્તરે કાર્ય કર્યું નહોતું.

શ્રી અરવિન્દ : ભૂતકાળમાં ભૌતિક સ્તરે કોઈએ પ્રયત્ન કર્યો નથી, એવું મારે કહેવું નથી. પ્રયત્નો થયાં હતાં. પણ ભૌતિક સ્તરે કશું સ્થાયી પ્રાપ્ત કરવામાં આવ્યું નહોતું. કશું પાયાનું પ્રસ્થાપિત થયું નહોતું. નહીં તો સાધનામાં તેનાં આંશિક પરિણામો પણ જરૂર દેખાત. સાધનાનાં પરિણામો મનોમય અને પ્રાણમય કક્ષાએ દેખાયા છે. ભૌતિક કક્ષાએ નથી દેખાતાં.

શિષ્ય : તેનો અર્થ ભૌતિક કક્ષાએ તેનો પાયો રચી વાતાવરણ તૈયાર કરવું છે.

શ્રી અરવિન્દ : તેનો જ પ્રયત્ન ચાલી રહ્યો છે.

શિષ્ય : આપને લાગે કે તે આ વખતે યશસ્વી થવો જોઈએ.

શ્રી અરવિન્દ : તો તમારે પણ મદદરૂપ થવું જોઈએ. વિરોધી સૂચનોને અવકાશ

न આપવો જોઈએ. આપશો તો પ્રગતિ રૂંધાશે. પ્રેરણા માટે આ કેન્દ્ર છે જ (પોતાની તરફ નિર્દેશ)

શિષ્ય : ભૌતિક પ્રકૃત્તિમાં પ્રતિકાર ઓછો કરવા માટે શું કરવું જોઈએ ?

શ્રી અરવિન્દ : તે માટે સત્યને પ્રાપ્ત કરવાની, મન-પ્રાણ-શરીરની સંયુક્ત શ્રદ્ધા અહર્નિશ હોવી જોઈએ. સાધનાનાં અંધકારમય તબક્કાઓમાં પણ આ શ્રદ્ધા પ્રકાશમય ક્ષણોની સ્મૃતિ તરીકે ટકી રહેવી જોઈએ અને જીવંત રહેવી જોઈએ. મારાં પણ ગ્લાનિનાં તબક્કાઓમાં મેં આ રીતે જ શ્રદ્ધા ટકાવી રાખેલી.

શિષ્ય : અતિમનસમાંથી તેનાંથી ઊર્ધ્વમાં જવા માટે જરૂરી રૂપાંતર જેટલું મૌલિક હોય છે, શું તેટલું જ મૌલિક મનનું રૂપાંતર કરીને અતિમનસમાં પહોંચવાનું હોય છે ?

શ્રી અરવિન્દ : તમારા કહેવાનો અર્થ એવો છે શું કે અજ્ઞાનમાંથી જ્ઞાનમાં, અને જ્ઞાનમાંથી વિજ્ઞાનમાં આ બન્ને આરોહણ મૌલિક ગણાય ?

શિષ્ય : હા.

શ્રી અરવિન્દ : અતિમનસ મનમાં, પ્રાણમાં અને શરીરમાં બધામાં જ કામ કરી રહ્યું છે. પણ પડદા પાછળ રહીને, મનમાં તે સત્યનું એક-એક પાસું અલગ-અલગ સમજે છે. તેથી તે આંશિક સત્યનો સ્પર્શ માત્ર હોય છે. સમગ્રજ્ઞાન નહીં. પ્રાણમાં પણ અતિમનસની પ્રેરણાની જેમ તે સહજવૃત્તિ તરીકે હોય છે. બન્ને સ્વયં સંચાલિત હોય છે. પણ તફાવત એ છે કે પ્રાણની સહજવૃત્તિ યાંત્રિક ભૂતકાળની ટેવ હોય છે. જ્યારે અતિમનસ પ્રેરણા સત્યની ઉત્સ્ફૂર્ત ઝાંખી હોય છે. સત્ય - દર્શન હોય છે. અતિમનસની પ્રાપ્તિ સાથે તમે આપણા સૂર્યકુળની મર્યાદિત ઉત્ક્રાંતિમાંથી મુક્ત થઈને તેથી પણ ઊર્ધ્વમાં જઈ શકો છો. ત્યાં પછી આ સૂર્યકુળની શક્તિ સાવિત્રીની પણ જરૂર રહેતી નથી. અન્ય દિવ્ય-શક્તિની પરાશક્તિની તમને મદદ

(અનુ. પૃ.૯ ઉપર)

- માનસિંહ ચાવડા

# ગૌણ દેવતાઓ

પ્રકરણ - ૧૬

**૨૯ મેધા:**

નિરુક્તકાર યાસ્ક મેધાનો અર્થ મતિર્બુદ્ધિઃ તસ્યા યા શક્તિર્ધીયતે અભિવ્યજતે ધારણાનામ સૈવ મેધા (નિ - ૩-૧૯) મતિ એટલે ભવિષ્ય દર્શાવનારી બુદ્ધિ. તેવી મતિમાં જે ધારણા કરવાની શ્રુત-ધારણ-સામર્થ્ય છે યાદશક્તિ છે, તે જ મેધા છે. જનોઈ વખતે મેખલાને જનોઈને મતિ અને મેધા આપવાની વિનંતિ કરી છે. સાનો મેખલે ધેહિ મેધામ્..... અર્થવ (૬-૧૩૩-૧) કાવ્ય રચના, આયોજન, મંત્રસિદ્ધિમાં મેધાની જરૂર છે. મેધ શબ્દનો અર્થ શુદ્ધિકરણ છે. તેથી મેધા વિશુદ્ધ કરનારી મતિ છે એમ પણ કહી શકાય. મેધાને પોતામાં પ્રવેશવાની વિનંતિ દેવો, અસૂરો, માનવો બધાં જ કરે છે. મય્યાવેશયામસિ મેધામ્..... (૬-૧૦૮-૩) તે આપણી પાસે સૂર્યકિરણો દ્વારા આવે છે ત્વં સૂર્યસ્ય રશ્મિભિ સ્ત્વંનોડસિ (અથર્વ ૬-૧૦૮-૧) (શ્રદ્ધા, મેધા, દક્ષિણા અર્થાત્) શ્રદ્ધા, વિશુદ્ધિ અને એકાગ્રતા આ ત્રણે સાધનામાં જરૂરી છે.

૩૦ યજ્ઞ:

યજ્ઞનો અર્થ જીવન દ્વારા પરમ - ચેતનાને અભિવ્યક્ત કરવાનો પુરૂષાર્થ. તેમાં યજન, પૂજન, ઉપાસના, ધારણા, ધ્યાન, સમાધિ બધાંનો જ સમાવેશ થાય છે. તેમજ સત્કર્મોનો, સદ્‌વિચારો, સદ્‌ભાવોનો પણ સમાવેશ થાય છે. પાણિનીનાં મતે યજ્ઞ દેવપૂજા સંગતિકરણં દાનેષુ (પાણિનિ ધા. કો. ૧૦૦૨) અર્થાત્ તેમાં આ ત્રણેનો સમાવેશ થાય છે.

યજ્ઞને બધાં જ લોકોનું કેન્દ્રિયબળ, નાભિ કહ્યું છે અયં યજ્ઞો ભુવનસ્ય

નાભિઃ (યર્જુ ૨૩-૬૨) વિરાટ પુરુષ તે જ યજ્ઞ સ્વરૂપ છે, કારણ તેમાં બધાંનો સમાવેશ થાય છે. ચોવિસ યજ્ઞનો પણ સમાવેશ કરેલ છે. ચોવિસ તત્ત્વોનું શુદ્ધિકરણ એ જ ચોવીસ યજ્ઞો છે.

**૩૧ રૂદ્રઃ**

રૂ અથવા રૂદ્ર ધાતુમાંથી રૂદ્ર શબ્દ બનેલો છે જેનો અર્થ મોટો અવાજ કરનાર (રૌરવતિ) અથવા રોવડાવનાર (રોદયતિ) થાય છે (નિ ૧૦-૫) મૃત્યુ સમયે પ્રાણીઓને બ્રહ્મ અથવા તારકમંત્રનો ઉપદેશ કરનાર તત્ત્વ તે રૂદ્ર. મૃત્યુ કાળે આત્મતત્વ આગળ આવી સમગ્ર જીવનનાં લેખાજોખા કરે છે અને ભાવિ પ્રગતિની રૂપરેખા રચે છે. આ ખૂબ જ સ્પષ્ટ રીતે મૃત્યુ પામનારને સમજાય છે તેથી તે આત્મતત્વ મોટા અવાજે બોલે છે એમ કહ્યું છે તેથી ‘રૂ’ના અર્થમાં તે આત્માનું રૂદ્ર સ્વરૂપ છે. વાયવીય સંહિતા જણાવે છે રૂ એટલે રુદન અને તેના હેતુ કારણરૂપ દુઃખોને દ્રાવયતિ નષ્ટ કરે છે તે રૂદ્ર. દુઃખ હેતુ વાં દ્રાવયતિ તદ્ રૂદ્ર. (વાયાસં)

રૂદ્રોની સંખ્યા ક્યાંક અગ્યાર ક્યાંક તેત્રીસ જણાવેલ છે. એકાદશા રૂદ્રા એકાદશાક્ષરા ત્રિષ્ટુપ (તૈત્તિ. સં. ૩-૪-૯-૭) ત્રિશત્ત્રયક્ષ ગણિનો (તૈત્તિસં ૧-૪-૧૧-૧) પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને મન મળીને આ અગ્યાર રૂદ્રો જ આપણને રડાવે છે. અગ્નિ અને રૂદ્ર એક જ છે. યો વૌ રૂદ્રાઃ સો અગ્નિઃ (તૈત્તિ. બ્રા. ૫-૨-૪-૧૩) સભાનતા રૂપ અગ્નિ જ પશ્ચાતાપથી રડાવે છે ખરેખર તો દરેક વસ્તુ દુઃખરૂપ થઈ શકે છે માટે સર્વાત્મકઃ રૂદ્રઃ (બૃહ. સર્વા. ૫-૬-૧૧-૧૪)

## ગ્રાહકોને વિનંતિ

સહજ સત્સંગનું લવાજમ ન મોકલ્યું હોય તો આ જીવનયજ્ઞમાં પોતાની સમર્પણભાવભરી આહૂતિ આપી પોતાની અને અન્ય જીવનને સાર્થક કરવામાં સહભાગી થાઓ. - તંત્રી

# ધી મધર્સ એજન્ડા

(મૂળ પુસ્તક : Mind of cells - by Satprem તેના પર આધારિત) **પરમસિદ્ધિનો પંથ**

- માનસિંહ ચાવડા

# વિસંવાદનું કારણ અને નિવારણ

પ્રકરણ - ૧૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

The obstacle is the "concentric" vibration, a sort of concentric vibration, meaning that instead of being part of an infinite eternity, things are considered in relation to oneself. That's the obstacle. The egocentric stupidity ! - 1969-2211

જીવનમાં પ્રશ્નો નિર્માણ થાય છે. કારણ જીવનને - આપણા અસ્તિત્વને આપણે જગતમાંનું પણ જગતથી ભિન્ન સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતું એક સ્વરૂપ ગણીએ છીએ. આજ ભૂલ છે. આપણું અસ્તિત્વ અને સ્વરૂપ સમસ્ત બ્રહ્માંડનો એક અવિભાજ્ય ભાગ છે અને તે સમસ્ત બ્રહ્માંડમાં ફેલાયેલી જે સુવર્ણમય જાળી છે. Golden - Grid છે. વેબસાઈટ છે તેનો જ એક ભાગ છે. આપણે વધારે ego - centric બનીને પોતાને જગતથી જુદાં માનીએ છીએ તે અસત્ય છે. હકીકતથી જુદું છે. અસીમ ચેતનાનાં આપણે અવિભાજ્ય અંશ છીએ. આ સભાનતા આવતાં જ જીવનનાં પ્રશ્નોનાં મૂળભૂત કારણનું નિવારણ થતાં પ્રશ્નો પોતાની મેળે શમવા માંડે છે.

આ જગતવ્યાપિ વેબસાઈટનાં આધારે જ સમસ્ત વિશ્વમાં આંદોલનો આવતાં અને જતાં હોય છે. આપણામાં પ્રવેશતું આંદોલન જ આપણામાં વિચાર, ભાવના કે કૃતિ કરવાનો સંકલ્પ અથવા પ્રેરણા નિર્માણ કરે છે. આપણા વિચારો તે વિશ્વપ્રકૃત્તિનાં આંદોલનોનાં પરિણામો છે. આપણાં વિચારો -

ભાવનાઓ - કર્મ આપણાં નથી પણ વિશ્વ પ્રકૃત્તિનાં હોય છે. આ સભાનતા સતત જાળવવી જરૂર છે. આ સભાનતા આપણામાં એક પ્રકારનો 'સાક્ષીભાવ' પેદા કરે છે. શ્રી માતાજી જણાવે છે કે -

If I simply remain like this, in a sort of inner-immobility, the most minute details of life are known at just the right minute. I know what to say, what to reply to a letter, the person who is to come entre. It's an automatic kind of thing you do -1962-2711.

આ સાક્ષીભાવ જ આંતરપ્રેરણાને પ્રકટ થવાનું અનુરૂપ વાતાવરણ સર્જે છે. મનમાં એક પ્રકારની નિરવતા, શાંતતા, સ્તબ્ધતા સર્જાય છે અને એવે વખતે આંતરપ્રેરણા ઊર્ધ્વમાંના કોઈ કેન્દ્રમાંથી અવતરણ પામતી હોય છે. તે સહજ રીતે આપણાં મનમાં પ્રકટ થાય છે અને જીવનનાં બધાં જ નિર્ણયો સહજ રીતે લેતી હોય છે. પછી તે શું બોલવું, શું લખવું કે કે વર્તવું તેનો પ્રથમથી નિર્ણય લેતી નથી. યોગ્ય પ્રસંગે નિર્ણય લેવાય જાય છે.

આ આંતિરક - અવસ્થા સાધકની દૃષ્ટિને પણ વધારે સતેજ, સૂક્ષ્મ અને વેધક બનાવે છે. તે વસ્તુઓમાં રહેલ આંતર - પ્રકાશને જોઈ શકે છે એ પ્રકાશ - ચેતનાનો હોય છે. ચેતના તો સજીવ, નિર્જીવ બધાં જ વસ્તુમાત્રમાં - વ્યક્તિમાત્રમાં હોય છે. જ્યાં ચેતનાનાં આવિર્ભાવનું કેન્દ્ર સક્રિય નથી ત્યાં તે વસ્તુ નિર્જીવ ભાસે છે એટલું જ. ચેતના તો સર્વવ્યાપી છે.

વસ્તુમાંનો આંતર - પ્રકાશ એ મીણબત્તીની જ્યોતનાં જેવો ચળકાટ ભર્યો હોતો નથી પણ ખૂબ જ સૌમ્ય હોય છે અને વસ્તુનાં આકારમાં ઓતપ્રોત થઈને પથરાયેલો હોય છે. તે બહાર ઉતસર્જિત થતો દેખાતો નથી. પણ વસ્તુ જ સૌમ્ય પ્રકાશની બનેલી છે એવું લાગે છે. આ દર્શન સાચું છે. તે હકીકત હોય છે. માતાજી જણાવે છે કે -

And the quality of the vision is different, too; It's as if the light were inside the object rather than on it - It is not a reflected

light, it is not bright like a candle, for example; instead of being a projected light, it has its own light, which does not radiate... obviously, it is a preparation for a vision by internal light rather than projected light. And it's very... oh, it's warm alive, intense and so precise. Every thing is seen at the same time : not only the colour and form, but the nature of the vibration in a liquid... It's extra ordinary - 1965-26.

When I look at people, I don't see them as they see themselves : I see vibration of all the forces that are in them and go through them - 1962-610.

માતાજી વ્યક્તિને બદલે ત્યાં પ્રકાશમય આકાર જુવે છે. તે આકારમાં જુદાં જુદાં પ્રકારનાં પ્રકાશરંગોનાં ધાબા દેખાય છે. આ પ્રકાશ - રંગો વિવિધ પ્રકારના આંદોલનો - vibration ને કારણે દેખાતા હોય છે. પ્રકાશરંગ ઉપરથી તે આંદોલન કયા તત્ત્વનું છે તે જાણી શકાય છે.

ઉપનિષદોમાં સમસ્ત જગત મહાપ્રાણનાં કંપનોનું બનેલું છે એવું વર્ણન જોવા મળે છે. માતાજીની આ અનુભૂતિ તે કક્ષાની છે.

---

(પૃ.૪૭ ઉપરથી)

## જાતક કથાઓ

**આપ્યાં. અમે અમારાં કટકા મૂકીને હમણાં જ આવીએ છીએ''**

**બન્ને ઉંદર પોતે પોતાનો કટકો પોતપોતાનાં દરમાં મૂકી આવ્યાં.''**

**''હવે શિયાળભાઈ, બુદ્ધિ લડાવો. આ ત્રીજા કટકાનું શું કરવું.''**

**''તેમાં બહું કરવા પણું નથી. હું તમારો સાચો સલાહકાર બન્યો. તેની આ મારી ફી. બસ, સમસ્યા રહી જ ક્યાં ?'' તમે પણ માન્ય કરશો. મફત કોઈ સાચી સલાહ આપે નહિ.''**

**બન્ને ઉંદર પોતે મૂરખ બન્યાં તે સમજી ગયા. બોલ્યા,' રાંડયા પછી ડહાપણનો અર્થ શું ?''**

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## વિભાગ - ૨

પ્રકરણ - ૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

### (૬) સાધકની સંવેદનશીલતા

સાધક : કાલે મે'ટી ને કહ્યું કે જો આપણે અહિંથી ચાલ્યાં ગયાં તો એક દિવસ પણ જીવી નહિ શકીએ. 'ટી' (મહિલા સાધક) આજે 'વી' સાથે બજારમાં ગઈ અને માથાનાં દુઃખાવા અને છાતીમાં ગભરામણ સાથે પાછી આવી. તે ખૂબ જ સંવેદનશીલ બની ગઈ છે. શું સાધનાની એવી કોઈ કક્ષા નથી જ્યાં આવા દૈનિક કાર્યો કરવાં છતાં તેના પરિણામ આપણી ચેતના અને શરીર ઉપર જરા પણ ન થાય? મારો કહેવાનો અર્થ કાંઈ પણ ખાવા કે વિવિધ લોકોના સંપર્કમાં આવવા છતાં આપણા ઉપર તેનું પરિણામ જ ન થાય.

શ્રી અરવિન્દ : તેવી સ્થિતિ ત્યારે જ આવશે જો આપણા શરીરમાં અને ચેતાતંત્રમાં અમૂક કક્ષાનું રૂપાંતર સિદ્ધ થયેલું હોય. હાલનાં તબક્કે આ સંવદનશીલતા આપણાં સંરક્ષણ માટે કરેલી નિસર્ગની વ્યવસ્થાનો ભાગ છે. કારણ અભાન રીતે જો આપણે પ્રભાવો ઝીલતા રહેશું તો તેનાથી આધ્યાત્મિક નુકશાન વધુ થવાની શક્યતા છે. તે પ્રકૃત્તિનાં રૂપાંતરમાં એક મજબૂત અને છતાં અજાણ્યો અવરોધ બની જશે.

### (૭) સંસર્ગના પરિણામો

સાધક : આજે સવારે 'એસ'એ મને સ્પર્શ કર્યો. પહેલાં મને લાગ્યું તેનો

મારાં ઉપર મુદ્દલે અસર થઈ નથી. પણ થોડીજ વારમાં મને આંતરિક અસ્વસ્થતા જણાઈ. પછી ધીમે-ધીમે કામવાસના જાગૃત્ત થવાં લાગી. પણ મેં એકાગ્રતા સાધી. પોતાની જાતને કેન્દ્રિત કરી અને ખરાબ પરિણામોને દસ મિનિટનાં પ્રયત્નો બાદ બહાર ફેંકી દીધાં. કદાચ એ પણ હોઈ શકે કે મારાં મનમાં તેની કામવાસના તૃપ્તિની ટેવોની છાપને લીધે મને તે સ્પર્શ ખરાબ લાગ્યો હોય?

શ્રી અરવિન્દ : તમારાં મન ઉપર થયેલાં પરિણામો 'એસ'ના સ્પર્શને કારણે થયેલ હોવાની શક્યતા છે. આવી વ્યક્તિઓનો સ્પર્શ સાધકે ટાળવો જોઈએ. વિશેષતઃ શરીર આવા સૂક્ષ્મ પરિણામો બાબત સભાન બનવા લાગે પછી.

## (૮) અન્યો બાબત જાહેરમાં સાધકે વાતો ન કરવી જરૂરી

સાધક : પી'ને આશ્ચર્ય થાય છે કે અન્યનાં બાબતનાં મારા પત્રોને તમે બહોળા પ્રમાણમાં જવાબ આપો છો.

શ્રી અરવિન્દ : વાત સાચી છે. અન્યોને લગતા સાધકોના પત્રોનો હું બધાંને જ જવાબ આપતો નથી, કારણ ઘણાં ખરાં લોકો આવા પત્રોને જાહેર ચર્ચાનો વિષય બનાવી દે છે. તેઓ આમાં વિવેકબુદ્ધિ વાપરતાં જ નથી.

## (૯) લોકોની વિકૃત્ત દૃષ્ટિ

સાધક : સમાધિ પાસેનાં ધ્યાન બાદ મારી લાંબો કાળ સુધી 'ટી' (સાધિકા) સાથે તેનાં ઘરની સામે જ ફૂટપાથ ઉપર ઊભા રહીને શરીરની સંવેદનતા બાબત ચર્ચા થઈ. તેણીએ કહ્યું કે લોકો આપણને લાંબો વખત વાતો કરતાં જોઈને ગેરસમજ કરશે. પણ મેં કહ્યું આપણે આપણી ચેતના નિમ્નસ્તરે સરી પડે તેવી તો કોઈ ચર્ચા કરતા નથી. શું અમારું આ રીતે લાંબો કાળ જાહેરરસ્તા ઉપર વાતો કરવી અયોગ્ય છે?

શ્રી અરવિન્દ : વ્યક્તિગત મને તે અયોગ્ય લાગતું નથી.

## શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

# સત્યની અભિવ્યક્તિ (૯૮)

પ્રકરણ - ૫૭
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૨૦૯-૨૧૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**(૧) સાક્ષાત્કાર એ સત્યની નિરપેક્ષ દૃષ્ટિ, નિરપેક્ષ શ્રવણ અથવા પ્રેરિત સ્મૃતિ, દૃષ્ટિ, શ્રુતિ, સ્મૃતિ હોય છે. એ સર્વોત્તમ અનુભૂતિ છે અને એનો અનુભવ ફરી ફરીને, નૂતન રીતે, કરવો શક્ય છે. આ વસ્તુ ભગવાને કહેલી છે એટલા માટે નહિ, પણ આત્માએ પોતે નિહાળેલી છે, એટલા માટે જ શાસ્ત્રવચન એ આપણો સર્વોત્તમ આધાર છે. (૯૮)**

પ્રભુનો આદેશ માઉન્ટન સિનોઈપર પ્રભુએ પોતે જણાવેલો અને મૂસાએ પોતે સંભળેલો. આ શ્રદ્ધાથી જ બાયબલને લોકો પવિત્ર અને વિશ્વાસાર્હ ગણે છે. પણ આવી પરંપરા એ સાચી શ્રદ્ધાનો આધાર નથી. જે આત્માએ તે અનુભવ્યું તેના માટે એ શ્રદ્ધાનો સાચો આધાર છે. અન્યો માટે નથી.

પણ એક વસ્તુ સાચી છે. સાક્ષાત્કાર માનવ - માત્ર માટે શક્ય છે તેનું સ્વરૂપ તેની પ્રકૃત્તિ અનુસાર હશે અને તે તેની દૃષ્ટિકોણથી થતું દર્શન બની જાય છે તેને દૃષ્ટિકોણની મર્યાદાઓ હોય છે.

આ મર્યાદાઓથી મુક્ત થઈને પણ સાક્ષાત્કાર કરી શકાય છે. તે માટે તમારે તદ્દન નિશ્ચલ, નીરવ, નિરપેક્ષ બનીને આંતરિક એકાગ્રતામાં રહેવું પડે છે. તે ગરણામાંથી પ્રકૃત્તિનું કોઈ આંદોલન, સ્પંદન પસાર થાય છે ત્યારે તમને આંદોલન સ્વરૂપ વિચારની પાછળ રહેલ સત્યની ઝાંખી થાય છે. તે પ્રત્યય અર્થાત્ અનુભવ હજી અસ્પષ્ટ હોય છે. તમે તેવી જ નીરવ અવસ્થામાં રહો તો

ફરી તે ઝાંખી ગરણામાંથી પસાર થઈને ઘનીભૂત થવા લાગે છે. તેમાં તેની અભિવ્યક્તિના યોગ્ય શબ્દો ગોઠવાતા હોય છે. તે અભિવ્યક્તિનો એક પ્રકાર બની જાય છે અને તે, વ્યક્તિની પોતાની અભિવ્યક્તિની ભાષા અને લઢણમાં જ હોય છે.

આ સમજવા માટે આપણામાં એક નિર્દોષ સહૃદયતા હોવી જરૂરી છે. તે અનુભૂતિ તમારામાં કોઈક પ્રકારનું બળ પૂરે છે. આ અવસ્થા સુધી તે વૈશ્વિક સાક્ષાત્કાર હોય છે પણ શબ્દોમાં વ્યક્ત કરવાની પ્રક્રિયા તેને વૈયક્તિક સ્તરે ખેંચી લાવે છે. શબ્દોને પેલે પાર જ નિર્બળ સત્ય રહેલું છે.

માતાજી તે વખતની ગૂઢસૂક્ષ્મ જગતની પ્રક્રિયા વર્ણવે છે. તેમાં એક સ્ફોટ થાય છે અને તેમાંથી ફૂલઝડી જેવી શ્વેત આતશબાજી થતી અનુભવાય છે. તે વમળની જેમ ગોળગોળ ફરતું હોય છે. તે વમળ મસ્તકની ઉપર તેને સ્પર્શતું રચાય છે તેથી મનમાં વિચારની છાપ ઊભી થાય છે. તમે નીરવ રહો તો મસ્તકની ઉપર એક અવિચળતા અનુભવાય છે. તે ફક્ત સંવેદન સ્વરૂપ હોય છે. પછી મગજમાં શબ્દો પ્રગટ થવા લાગે છે. તે કોઈ બોલતું હોય એમ લાગે છે. હું લખનાર તેથી જુદી વ્યક્તિ લાગું છું.

પછી લખાણ બાબત એક અસ્પષ્ટ અસંતોષ જાગે છે. જાણે તે લખાણે પૂર્ણ અભિવ્યક્તિ કરેલ ન હોય તેનો તે અસંતોષ હોય છે. તેથી ફરી નીરવ-શાંતિમાં સ્થિર રહેવું હિતાવહ હોય છે. તેમાં અમૂક શબ્દોમાં સુધારો સૂચવાય છે.

જેઓ આ સમગ્ર પ્રક્રિયા અનુસરતા નથી તેઓ કોઈ વિકૃત્ત સનસનાટીભર્યું વિધાન કરી બેસે છે.

નીરવ, શાંત, નિરપેક્ષ, તટસ્થ રહેવું એ ખૂબ જ જરૂરી છે.

શબ્દોની પસંદગી પોતે ન કરતાં તે નીરવતામાંથી થવી જોઈએ. તે માટે એક બે દિવસની ધીરજ પણ જરૂરી બનશે. પણ મગજથી શબ્દ રચના ન શોધો. તે કૃત્રિમતા અને અસ્પષ્ટતા, શક્તિવગરનાં ખાલીખમ શબ્દ પ્રયોગો જ બની જશે.

# રાંડયા પછીનું ડહાપણ

પ્રકરણ - ૨૯

એક જંગલમાં શિયાળનું એક દંપતી રહે. બન્ને વચ્ચે ખૂબ પ્રેમ.

એક દિવસ શિયાળ પત્નિ બોલી ''મારે આજે માછલી ખાવાની ઈચ્છા છે, મને તમે નહિ ખવડાવો ?''

''જરૂર, ખવડાવીશ. એમાં કંઈ મોટી વાત છે !''

શિયાળ નદી કિનારે જવા ઉપડ્યો. ત્યાં નદી કિનારે બે ઉંદર મહામહેનતે એક મોટી માછલીને ખેંચીને પોતાનાં દરમાં લઈ જવા પ્રયત્ન કરી રહ્યાં હતાં. પણ દર નાનું હતું અને માછલીનું પેટ મોટું. કેમેય કરીને અંદર જાય જ નહિ ઉંદર પરસેવેથી રેબઝેબ થઈ રહ્યાં હતાં. શિયાળ ત્યાં પહોંચી ગયું.

''દોસ્તો શું તકલીફ છે ?''

''શિયાળભાઈ, આ માછલી અમારા દરમાં જતી જ નથી. ક્યારના મથીએ છીએ.''

''લાવો તમારી મુશ્કેલી હું હલ કરી દઉં.''

'તો તો ખૂબ આભાર ''

શિયાળે માછલીના ત્રણ કટકાં કર્યાં. એક મોઢાનો, બીજો પેટનો, ત્રીજો પૂંછડીનો.

''હવે એમ કરો. એક જણ મોઢાનો કટકો અને બીજો પૂંછડીનો કટકો પોતાના દરમાં મૂકી આવો. હું ત્યાં સુધી આ ત્રીજા કટકાનું ધ્યાન રાખું છું.'

'શિયાળભાઈ, તમે અમારાં સાચા મિત્ર. અમને સરખા ભાગ પણ કરી

(અનુ.પૃ.૪૨ ઉપર)

## પ્રાસંગિક

- હર્ષદ ઠકરાર

# ગુહ્યશક્તિ

ગુહ્યશક્તિનો અર્થ સમજાવતા શ્રી માતાજી જણાવે છે.

''ગુહ્યશક્તિ એ એવી છે કે તમે તેમને બહારથી દેખાતા વસ્તુઓના પડદાની પાછળ જઈને જ માત્ર જાણી શકો છો. સૂક્ષ્મરૂપ સ્થૂલ ભૂમિકાની તથા અતિન્દ્રિય ભૂમિકાઓની શક્તિઓ ખાસ રીતની છે.''

(પુસ્તિકા : ગુહ્યવિદ્યાઃ પૃ.૫) - શ્રી માતાજી

શ્રી માતાજીએ સમજાવ્યાં મુજબ ગુહ્યશક્તિએ એ સ્થૂલ ભૂમિકાના સૂક્ષ્મરૂપ અથવા અતિન્દ્રિય શક્તિ છે. ગુહ્યશક્તિ એ દિવ્યશક્તિ નથી. પરંતુ અતિન્દ્રિય હોવાથી દિવ્યશક્તિ આવિર્ભાવ પામે છે ત્યારે તેની સાથે આપોઆપ આવિર્ભાવ પામે છે. આ જ કારણથી ફક્ત ગુહ્યશક્તિની ખોજ કરવાની નથી. ગુહ્યશક્તિની ખોજને સમજાવતા શ્રી માતાજી જણાવે છે.

''ગુહ્યશક્તિઓ માટેની આ પ્રકારની ખોજને ભારતમાં આધ્યાત્મિક ગુરુઓ મોટે ભાગે સંમતિ આપતા નથી, કારણ કે એ ખોજ ઊતરતી ભૂમિકાઓ પરથી થતી હોય છે અને સામાન્ય રીતે સાધકને તે એવા રસ્તા પર ચડાવી દે છે કે જે તેને ભગવાનથી ઘણો દૂર રાખે છે.

(પુસ્તિકા : ગુહ્યવિદ્યાઃ પૃ.૫) - શ્રી માતાજી

શ્રી માતાજીએ સમજાવ્યાં મૂજબ ગુહ્યશક્તિની ખોજ સાધકને તેના મૂળ હેતુ પ્રભુ પ્રાપ્તિને બદલે નિમ્ન પ્રાણની સિદ્ધિના રસ્તે ચડાવી દે તેમ બની શકે. નિમ્ન પ્રાણની શક્તિઓ સાધકના અહંકારને પોષે છે. આ શક્તિઓ દ્વારા સાધક કોઈ પણ પાર્થિવ પદાર્થને એક સ્થળેથી ખસેડીને અન્ય સ્થળે લઈ જવાની સિદ્ધિ પણ

પ્રાપ્ત કરી શકે છે અથવા કોઈ પણ ફળ પોતાની છાતી ઉપર રાખી ફળની છાલની વચ્ચે રહેલો ગર્ભ અથવા રસ ચૂસી લેવાની શક્તિ પણ પ્રાપ્ત કરી શકે છે. આ પ્રકારની અન્ય શક્તિઓ પણ સાધક પ્રાપ્ત કરી શકે. આવી શક્તિઓની પ્રાપ્તિને કારણે સાધક પોતાની સાધનાનો મૂળ હેતુ પ્રભુ પ્રાપ્તિની સિદ્ધિને બદલે ચલિત થઈ અન્ય માર્ગ ઉપર ચડી શકે છે. આ પ્રભુ પ્રાપ્તિને બદલે અન્ય માર્ગ પર લઈ જનારી શક્તિઓ કેવી હોય છે. તે સમજાવતા શ્રી માતાજી જણાવે છે.

‘‘એસ્ટ્રલ ભૂમિકાની (અથવા જેને આપણે પ્રાણમય કહીએ છીએ તેની) શક્તિઓ તથા સત્વોની સાથેનો સંપર્ક મોટાં જોખમોથી ભરેલો હોય છે. આ ભૂમિકાના સત્વો સાધકની સાથે સંપર્ક સાધતાં હોય છે અને તેને શક્તિઓ તથા ગુહ્ય પ્રકારની અનુભૂતિઓ આપતાં હોય છે. તે તેને આધ્યાત્મિક માર્ગમાંથી દૂર લઈ જવા માટે જ માત્ર હોય છે, અથવા તો તેમનાં પોતાનાં હેતુને માટે સાધકને ખોટે રસ્તે દોરી જાય છે, ભૂલો કરાવે એવા સૂચનો તથા પ્રેરણાઓ આપે છે અને આંતરિક આધ્યાત્મિક જીવનનો એક મુખ્ય ભય તે આ છે. અને સાધક જો પોતાનાં લક્ષ્યને પહોંચવા ઈચ્છતો હોય તો એ ભય સામે તેણે સાવધાન રહેવું જરૂરનું છે.’’

(પુસ્તિકા : ગુહ્યવિદ્યાઃ પૃ.૫) - શ્રી માતાજી

શ્રી માતાજીએ સમજાવ્યાં મુજબ ગુહ્યશક્તિઓ સાધકને ગેરમાર્ગે દોરી જઈ શકે છે અને અદિવ્ય સત્વો પોતાનાં અંગત હેતુ માટે સાધકનો એક હથિયાર તરીકે ઉપયોગ પણ કરી શકે. એટલે સાધકે સાધના દરમિયાન સચેત સાવધાન રહેવું જરૂરી છે. જે આપણને શ્રી માતાજીનાં શ્રીમાન થિઓ સાથેનાં પ્રસંગ દ્વારા અનુભવાય છે. શ્રીમાન થિઓ શ્રી માતાજીનો એક હથિયાર તરીકે ઉપયોગ કરવા માંગતા હતાં. પરંતુ શ્રી માતાજી સાવધાન હતાં જે તે કારણે શ્રીમાન થિઓની ઈચ્છા પરિપૂર્ણ થઈ નહિ અને શ્રી માતાજી શ્રી.માન થિઓની પકડમાંથી મુક્ત થયા.

ગુહ્યશક્તિઓ સાધના દરમ્યાન આપોઆપ શા માટે આવે છે, તે સમજાવતા શ્રી માતાજી જણાવે છે :

''યોગમાં ચેતના વિશાળ થાય તેની સાથે ઘણી અપાર્થિવ અથવા અસાધારણ શક્તિઓ આવે છે, પરંતુ આ શક્તિઓ મેળવવા માટે પ્રયત્ન કરવામાં આવેલો હોતો નથી. એ સ્વાભાવિક રીતે આવતી હોય છે અને તેઓ પ્રાણમય નથી હોતી. વળી તે શક્તિ કેવળ આધ્યાત્મિક રીતે જ વાપરવાની હોય છે. એટલે ભગવાનની ઈચ્છા અને ભગવાનની શક્તિ દ્વારા જ એક કરણ તરીકે વપરાવી જોઈએ. તેમને હથિયાર તરીકે કદી વપરાવા દેવાની નથી.


શક્તિઓ પ્રાપ્ત કરવી તે આપણો હેતુ નથી. પરંતુ દિવ્ય-સત્ય-ચેતના તરફ આરોહણ કરવું અને તેનાં સત્યને નીચેના ભાગોની અંદર નીચે લઈ આવવું તે આપણો હેતુ છે. સત્યની સાથે સર્વ જરૂરી શક્તિઓ આવશે. પોતાની શક્તિઓ તરીકે નહિ, પણ ભગવાનની શક્તિઓ તરીકે, સત્ય સાથેનો સંપર્ક રાજસિક, મનોમય, તેમજ પ્રાણમય પ્રકારે અહંની સ્થાપના દ્વારા વૃદ્ધિ પામી શકતો નથી, એ ફક્ત ચૈતસિક વિશુદ્ધિ અને સમર્પણ દ્વારા જ વૃદ્ધિ પામી શકે છે.''

(પુસ્તિકા : ગુહ્યવિદ્યાઃ પૃ.૫ અને ૬) - શ્રી માતાજી

શ્રી માતાજીએ સમજાવ્યાં મુજબ સાધનાનો હેતુ સાધકે પોતાના અહંકારને સંતોષવા માટે કરવાનો નથી. પરંતુ સાધના દ્વારા સાધકે આરોહણ કરી પરમ પ્રભુની સત્ય ચેતનાનાં સંપર્કમાં આવી, તે મનોમય ચેતનામાં નીચે અવતરીત કરી પાર્થિવ, પ્રાણમય અને મનોમય ચેતનાનું રૂપાંતરિક દિવ્ય ચેતના દ્વારા સાધકે દિવ્ય જીવન જીવવાનું છે. સાધક જો અહંકાર માટે સાધના કરે તો તે આસુરી અને દિવ્ય ચેતના વચ્ચે ભેદ કરી શકતો નથી. જેના કારણે સાધક પાસે આસુરી તત્ત્વ દિવ્ય તત્વરૂપે આવે છે.

શ્રી માતાજીએ સમજાવ્યાં મુજબ પ્રત્યેક સાધક સંકલ્પ કરે કે સાધનાનો હેતુ ગુહ્યશક્તિની પ્રાપ્તિ અને સિદ્ધિ તરીકે નહિ, પરંતુ પરમ પ્રભુની સત્ય ચેતનામાં આરોહણ કરી તે દિવ્યચેતનાને પોતાની ભૂમિકાનાં સર્વે ભાગોમાં પ્રસ્થાપિત કરી પરમ પ્રભુના શુદ્ધ અને આદર્શ બાળક બનીએ.

ॐ શાંતિ....... શાંતિ..... શાંતિ......



# શ્રી અરવિંદ

In the unfolding process of the Self,
Sometimes the inexpressible Mystery
Elect a human vessel of descent.

The Secret Knowledge - Savitri 1-4-47

## પરમપ્રભુનું અવતરણ

આત્માની સ્વ અભિવ્યક્તિમાં, મન પ્રાણ ને ભૌતિક સ્તરે,
કોઈ નિગૂઢ અને અવર્ણનીય, શક્તિ લેતી નિર્ણય,
અનામી કોઈ માનવ-પાત્રે, અવતરણ કરતી સત્વર.

ગૂઢજ્ઞાન - સાવિત્રી - ૧.૪.૪૭

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2015-2017
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# સ્મરણમ્



સ્મરણ બે રીતે કરાય છે, જપ અને સક્રિય ધ્યાન રૂપે,
જપમાં એકાગ્ર બને ને, શરીર, કોષોમાં પ્રકાશ પૂરે.

ને તેને ત્યાં સ્થિર કરી, કોષોનું રૂપાંતર કરે,
અવચેતનને દેશવટો, ને દિવ્યચેતનાને ત્યાં ધરે.

આ પ્રત્યક્ષ કાર્ય (Direct Action) ગણ્યું, અન્ય અપ્રત્યક્ષ ગણાય,
તેમાં કલ્પના શક્તિના જોરે, વિવિધ દૃષ્યો સર્જાય.

પ્રભુ - લીલાનો ઘટના પ્રવાહ, મનની આંખ સામે વર્તાય,
ને ભાવમાં ગળાડૂબ બની, ચૈત્યપુરુષને આગળ લવાય.

તે શરીર કોષોમાં પ્રકાશ પૂરે, ને ઘડે માનવનો દિવ્યઘાટ,
દિવ્ય-દેહની રચના કરી, પ્રભુ પધરામણીની ધરે વાટ.

ગુરુનું પણ સ્મરણ ગણ્યું, હૃદયસિંહાસને સ્થાપવા તેમને,
સાધનાનું સંચાલન સોંપીને, અનુસરવા આંતપ્રેરણાના જોરે.

સ્મરણ અંતે અનુસ્મરણ બને, બને અનાહત નાદ,
તે પણ અંતે વિરમતો, પ્રસરે અનંત પ્રકાશ.

---

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ‘‘અર્પણ’’ ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ‘‘અર્પણ’’ ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત